॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)

**સંસ્થાપક :** પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રીનારાયણ જાની

**સંપાદક :** શ્રીતરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રીઆશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ ઉદ્યોગપતિ કિરલોસ્કરનો અંતિમ સંદેશ ॥

મારા જવાથી તમને તો એક ફક્કડ બહાનું મળી જવાનું. રજાનું ! પણ જોજો હોં ! હું અહીં આંટો મારવા ન આવી શક્યો હોઉં એટલા ખાતર તે દિવસનું કામ બંધ રાખતા નહિ.

અને હા, ગમગીન ચહેરાઓ લઈને ફરશો નહિ. લાંબાલચક ભાષણો કરતા નહિ. એવું એક પણ ભાષણ સાંભળવા હું તો હાજર નહિ હોઉં. એના કરતાં તમે મને એકાદ મોટું કૉમ્પ્રેસર કે ડીઝલ ઍન્જિન જ બનાવી આપોને ! અમેરિકા-ફ્રાંસથી કોઈ મોટો નિકાસ-ઑર્ડર લઈ આવો ને ! એક અદ્યતન, ક્રાંતિકારી સુપર કમ્પ્યૂટરની રચના કરી આપોને ! તમે દરજી હો તો તમારા ગામમાં સારામાં સારી સિલાઈ કરનારા તમે હો એવું હું ઈચ્છું. હૉટલના વેઈટર હો તો એવી અફલાતૂન સેવા આપો કે, તમારે ત્યાં ઘરાકોનાં ટોળાં જામે.

તમારે મને અંજલિ આપવી છે ને ? ઈશ્વરને ખાતર મારું કોઈ બાવલું બનાવશો નહિ. બસ સરસ કામ કરતા રહો, તમને જે પ્રાપ્ત થયું છે તે. આજે અને હરહંમેશ. એમ કરતાં કરતાં આપણે એક સરસ મજાનો મુલક ઊભો કરી દઈશું. વફાદારી મારી નહિ, ભારતીય મૂલ્યો માટેની વફાદારી નિભાવજો. હૃદયની ઉદાત્તતા, બુદ્ધિની પ્રખરતા, ઈમાનદારી, અનુપમ કલ્પનાશક્તિ, સહજ હળવાશભરી વિનોદવૃત્તિ, સૌ સાથે મધુર વાણી-વર્તન-વ્યવહાર ને સૂક્ષ્મ સંવેદનશીલતાનાં મહામૂલાં જીવનમૂલ્યોનો સંગ મારી દેખીતી નિઃસંગતાને ક્યાંય ઓગાળી નાખશે. આપણે સદૈવ સાથે જ હોઈશું.

**—સંકલન**

|| ૐ યોગેશ્વરાય નમઃ ||     || ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ||

# તા.૪/૧૦/૧૯૮૦

## || પૂજ્ય શ્રીમાતાજી જ્યોતિર્મયીનો નિર્વાણદિન ||

‘મા જ્યોતિર્મયી આપનાં ચરણે
વંદન કરીએ આજ અમે.
પ્રગટાવ્યા પ્રભુ અમ વચ્ચે
એ ઉપકારોને ના ભૂલીએ.’

**—શ્રી‘મા’ સર્વેશ્વરી**

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૭ |
| ૧. | શ્રીયોગેશ્વરકથામૃત(તા.૨૯/૫/૧૯૮૩) | શ્રી'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨. | પૂજ્ય શ્રીયોગેશ્વરજીના માતાજી પરના પત્રો | શ્રીયોગેશ્વરજી | ૯ |
| ૩. | પ્રાર્થનાની શક્તિ | શ્રી યોગેશ્વરજી | ૨૦ |
| ૪. | ગતિ અને ઉન્નતિ | " | ૨૨ |
| ૫. | અજબ અનુભવ | " | ૨૪ |
| ૬. | રામકલીનો મેળાપ | " | ૨૬ |
| ૭. | 'ઉત્સવપ્રિયાઃ અલુ જનાઃ' | સંકલન | ૩૨ |
| ૮. | અઢળક ઢળિયો શામળિયો | સંકલન | ૪૨ |
| ૯. | સંતસંનિધિ | સંકલન | ૫૮ |
| ૧૦. | ગિરનારયાત્રા | શ્રી મંદાર યાજ્ઞિક | ૬૦ |
| ૧૧. | અમર મૃત્યુ | શ્રીયોગેશ્વરજી | ૬૩ |
| ૧૨. | સાધક માટે દીવાદાંડી (ત્રણ કાવ્યોનો સંપુટ) | શ્રીનાથાલાલ જોશી | ૬૪ |

## નિવેદન : જડાવબેનનું માતાજી જ્યોતિર્મયીમાં રૂપાંતર

કહેવાયું છે કે; 'તીરથરાજ પ્રયાગ'નું દર્શન કરો તો ફાયદો, સ્પર્શ કરો તો ફાયદો, મજ્જન કરો તો ફાયદો, પાન કરો તો ફાયદો. એવી જ રીતે સાધુનું દર્શન, સ્પર્શ, મજ્જન, પાન કરો તો ફાયદો જ ફાયદો.

સરોડા ગામના જડાવબેનના જીવનમાં એમના સુપુત્ર શ્રીયોગેશ્વરજી આવા 'સાક્ષાત તીરથરાજ' બનીને આવ્યા, રહ્યા. જેને પરિણામે તેમનું મમત્વ પ્રભુપ્રેમમાં, નિરક્ષરતા સમજણમાં, સાદાઈ, સંયમ, કરકસર જીવનના સમગ્ર વ્યવહારમાં એવાં પરિણમ્યાં કે પ્રાપ્ત પરિસ્થિતિમાં સહજ અનુકૂલન એમની જીવન જીવવાની પદ્ધતિ બની ગઈ. દારુણ ગરીબી, અકાળ વૈધવ્ય, સમાજની સંકીર્ણતા કશું એમને નડ્યું નહિ. એક માતા તરીકે પુત્ર પાસે અપેક્ષાઓ રાખવાને બદલે એનામાં રહેલી મહાનતાની ઓળખ કરી લઈ, એના દિશાસૂચન, માર્ગદર્શન હેઠળ જીવન ગોઠવી દીધું.

પછી પુત્ર ૯ વર્ષની કુમળી વયે અભ્યાસસાર્થે મુંબઈ ગયો. આજીવિકા અર્થે ભાદરણ, વડોદરા, દેવપ્રયાગ રહ્યો એની કોઈ ફરિયાદ નહિ. અરે ! ગૃહસ્થ બનવાને બદલે સંન્યાસ ધારણ કરી હિમાલય વસ્યો. તોપણ હસતે સુખે એનો સ્વીકાર ! દેશ-વિદેશની પ્રવચનયાત્રાઓમાં તો પુત્ર સાથે રહ્યાં પણ પહાડી જીવનની પારાવાર મુશ્કેલીઓને પણ સહજ સહી. વધતી જતી ઉંમર, કથળતું જતું આરોગ્ય કશું એમને ડારી શક્યું નહિ. છેલ્લે ભાવનગરમાં બીમારીને કારણે પુત્રની સંનિધિમાં દેહ, 'મા' સર્વેશ્વરીની અનન્ય સેવાથી સંતુષ્ટ થઈ છોડ્યો.

આમ, જોતજોતામાં તેમનું રૂપાંતર જ્યોતિર્મયીમાં થઈ ગયું. આજે અંબાજીના 'સ્વર્ગારોહણ'માં સાધકો માટેના વિશ્રામગૃહરૂપે એ નામ ઝળહળી રહ્યું છે. અધ્યાત્મજગતને અણમોલ પુત્રરત્ન ધરીને જ તેઓ ધન્ય બની ગયાં.

## ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

### તા.૨૯/૫/૧૯૮૩, રવિવાર. વૈશાખ વદ ત્રીજ, વિ.સં.૨૦૪૦

### સ્થળ : ઋષિકેશ

સવારે લેખન, વ્યાયામ નિયમિત થયાં. ૧૧.૦૦ વાગ્યે ગંગાઘાટે ચાલીને જ ગયાં. ભાડે ટેક્ષીવાળા સાથે પૂ.શ્રીએ વાતો કરી. મહાલક્ષ્મી ભોજનાલયમાં ભોજન કર્યું. બપોરે સૌ સાથે લસ્સી લીધી.

બપોરે આરામ અને યાત્રાની તૈયારી કરી. સાંજે સાડા પાંચે પૂ.શ્રીએ કાલીકમલી ક્ષેત્ર સૌને બતાવ્યું. ભરત મંદિરમાં પોતે જ્યાં પાંચ વરસ રહ્યા તે ધર્મશાળાનો ઓરડો બતાવ્યો, ત્યાં પરમાત્મદેવી મળ્યાં. વળી ત્યાંથી ગંગાકિનારા તરફ પોતે ક્યા રસ્તે સ્નાન માટે જતા તે સ્થળ બતાવ્યું.

ગંગાકિનારે એક શિવાલય છે. જ્યાં કોઈક વાર માતાજી સાથે પૂ.શ્રી ફરવા જતા તે સ્થાન દૂરથી બતાવતા અમે સૌએ ત્યાં જઈને દર્શન કર્યાં. પૂ.શ્રી પોતાના તે સમયનાં સ્મરણો કહેતાં કહેતાં સૌને ગંગાઘાટ તરફ દોરી ગયા. જ્યાં રેતીમાં બેઠાં ત્યાં દહેરાદૂનથી શ્રીલલિતાપ્રસાદજી પૂ.શ્રીને મળવા આવે છે. જેથી આજની સત્સંગની વાતો હિન્દીમાં થઈ. લલિતાપ્રસાદે પૂ.શ્રીની ક્યારે ઓળખાણ થઈ તે વાત, માતાજી સાથે સીમલા ગયેલા તેનો પ્રસંગ, ગુરુજીની વાતો, મહાત્મા ભગવાનની વાતો કરી, તો પૂ.શ્રીએ ટિહરીનો પ્રસંગ, દેવપ્રયાગના ચક્રધર સાથે દેવપ્રયાગની વાત, ચંદ્રવદની દેવીની વાતો કરી. એક મહાત્માએ આપેલી નાનકડી શક્તિની ગોળીથી થયેલી અસરની વાતો પણ કરી.

આજનો સત્સંગ લગભગ બે કલાક ચાલુ રહ્યો. પોણા દસ વાગ્યે ઉતારા ઉપર આવી આરામ કર્યો.

હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

# ॥ પૂજ્ય શ્રીયોગેશ્વરજીના માતાજી પરના પત્રો ॥

## ॥ સાધન-ભજનનો આનંદ ॥

**ઋષિકેશ,**

**તા.૧૪ એપ્રિલ'૪૩**

**પૂજ્ય માતાજી,**

પ્રણામ. તબિયત સારી હશે. ઘરડી બા, ફોઈ, ઈશ્વરભાઈ સૌ સારાં હશે. તારા તથા બચી પણ આનંદમાં હશે. મારું શરીર સારું છે. ઈશ્વરની કૃપાથી અહીં આનંદ છે. મેં ગયા પત્રમાં લખેલું કે ધર્મશાળાનો સંપૂર્ણ ફેંસલો હજી થયો નથી. તેથી મારાથી ત્યાં આવી શકાય તેમ નથી. તો ચિંતા કરશો નહિ. હું ખૂબ આનંદમાં છું. દિવાળી પર જરૂર એ બાજુ આવી જઈશ. ને બનશે ત્યાં સુધી આપણે સાથે અહીં આવીશું. અહીં ગંગાજીમાં સ્નાન કરવાનો ને સાધન-ભજન કરવાનો આનંદ છે. મનુષ્ય જીવનમાં એ જ કરવાનું છે. આ શરીર કાંઈ ગમે ત્યારે મળતું નથી ને આ શરીરમાં જ ઈશ્વરની પ્રાપ્તિ થઈ શકે છે. તથા મુક્તિ મળે છે. તેથી પરમેશ્વરની ભક્તિ વધારી ને માયા ને મમતાને જીતવાનો યત્ન કરવો જોઈએ. તમારાં બધાની આશિષથી અહીં કોઈ વાતની કમી નથી. ખૂબ શાંતિ છે. મામાનો કાગળ વડોદરાથી આવ્યો હતો. ખુશીમાં છે. પહેલી તારીખ પછી પૈસા આવશે એટલે મોકલી આપીશ તે જાણશો. ચિંતા કરશો નહિ તથા શરીર સાચવીને કામકાજ કરશો. વખત મળે ત્યારે ગીતા ને રામાયણ વગેરે વાંચતાં રહેવું. તારા તથા બચી ખુશીમાં હશે. ઘરડી બા પણ સારાં હશે. જે સંભારે તે સૌને મારા પ્રણામ કહેજો.

## ॥ પ્રભુસ્મરણ ॥

ઋષિકેશ,

તા.૨૪ જુલાઈ'૪૩

**પૂજ્ય માતાજી,**

પ્રણામ. તમારો પત્ર નથી તો લખશો. મારો પત્ર પહેલાંનો તમને મળ્યો હશે. આ વખતે જરા મોડો પત્ર લખાયો તેનું કારણ ખાસ કાંઈ નહિ. મારું શરીર સારું છે. તથા અહીં આનંદ છે. કોઈ રીતે ફિકર ચિંતા કરશો નહિ. તમારું શરીર તથા ઘરડી બાનું શરીર સારું હશે. તારાને મેં એક પત્ર લખ્યો હતો. તે પણ મઝામાં હશે. થોડા દિવસોમાં ટ્રસ્ટીઓ પૈસા મોકલશે એટલે તમને મોકલી આપીશ. અહીં વરસાદ થોડો થોડો પડે છે. ત્યાં સારો પડતો હશે. વડોદરા પત્ર લખ્યો છે.

અહીં ગંગાજીમાં પાણી પુષ્કળ છે. સ્નાન કરીએ છીએ ને આનંદ કરીએ છીએ. તમે શરીર સંભાળશો તથા ધ્યાનપૂર્વક ગીતા વાંચશો. જેટલું મેળવ્યું તેટલું આ જીવનમાં કામનું. મર્યા પછી કાંઈ નહિ. આપણી રૂખીબાની ભક્તિ તો સંભારો. મરતી વખતે પણ તેની ભગવાન પરની પ્રીતિ કેટલી બધી હતી ! તેથી તો તે ભગવાનના ધામમાં ગઈ ! એટલે ભગવાનની પ્રીતિ જ સાચી છે. સંસારી વસ્તુઓની સગાઈ કાચી છે. માટે ભગવાનનું જ સ્મરણ કરતાં રહેવું. મારી કોઈ વાતે ચિંતા કરશો નહિ. શરીર ખૂબ સારું છે. તથા શાંતિ છે. આશીર્વાદ આપ્યા કરજો. જે સંભારે તે સર્વને મારા પ્રણામ કહેજો. તથા પત્ર લખતાં રહેજો.

## ॥ મનુષ્યજીવન એક લૂંટ ॥

ઋષિકેશ,

તા.૪ ઑગસ્ટ'૪૩

**પૂજ્ય માતાજી,**

આનંદમાં હશો. મારું શરીર સારું છે. અમદાવાદ બહેનને

કાગળ લખ્યો હતો. થોડા દિવસ પછી બીજો લખીશ. તમને તો તેના ખબર આવ્યા કરતા હશે. તે મજામાં હશે. વડોદરા પણ એક પત્ર લખ્યો હતો. ત્યાંથી શાસ્ત્રીજી તથા મામા બન્નેના પત્રો હતા. ખુશીમાં છે. અમારી ફિકર કરશો નહિ દિવસો સારી રીતે તથા આનંદમાં પસાર થાય છે.

આજે તમને ૨૦/—રૂ.(વીસ રૂપિયા) મોકલ્યા છે. તે મળે એટલે એક પત્ર જરૂરથી લખી જણાવશો. શરીર તો સારું હશે.

અહીં ગંગાજીમાં પુષ્કળ પાણી આવ્યું છે. વરસાદ હમણાં હમણાં થોડો થોડો પડે છે. ત્યાં પણ વરસાદ સારો હશે. બીજું કોઈ નવીન હોય તો લખશો.

અમારી કોઈ જાતની ચિંતા કરશો નહિ. તમારું શરીર સાચવજો તથા શાંતિ રાખશો. ભગવાનની ઈચ્છા હશે તો દિવાળી પર મળીશું. અમે સાધન-ભજન કરીએ છીએ. તમે પણ ગીતાજી વાંચજો, તથા તુલસીકૃત રામાયણ આપણે ત્યાં છે તે પણ વાંચવાનું રાખજો. બધાને અમારા પ્રણામ કહેજો. ઘરડી બાને પણ નમસ્કાર કહેજો. તેમને કહેજો કે ભગવાનમાં ચિત્ત રાખે. કેમ કે જેમાં જેનું ચિત્ત હોય છે તેવી તેને ગતિ મળે છે. વળી ભગવાનમાં ચિત્ત રાખવાથી જ શાંતિ પ્રાપ્ત થાય છે. આ મનુષ્ય જીવન તો એક લૂંટ જેવું છે. તેમાં જેટલું લૂંટાય તેટલું ભગવાનનું નામ લૂંટવાનું છે. બધા સાથે હેતથી રહેવાથી ભગવાન રાજી રહે છે. કેમ કે વેર કે અદેખાઈ હોય ત્યાંથી ભગવાન દૂર રહે છે. તમે અમને ખૂબ હેતથી આશીર્વાદ આપ્યા કરજો. શરીર સારું છે. તમારું શરીર સંભાળજો તથા પત્ર લખજો.

# ॥ અજ્ઞાનીનું નિશાન ॥

હરિદ્વાર,

તા.૫ નવે.'૪૩

**પરમ પૂજ્ય માતાજી,**

પ્રણામ. ઘણા વખતે પત્ર લખું છું. કારણમાં ખાસ કાંઈ નથી. શરીર ખૂબ સારું છે. લગભગ સાતેક દિવસ હું ઋષિકેશથી ૪૦-૪૨ માઈલ દૂર બદરીનારાયણને રસ્તે દેવપ્રયાગ જઈ આવ્યો. ત્યાંથી અમે દશરથરાજાએ શ્રવણને બાણ મારેલું તે સ્થાને પહાડ પર ગયા હતા. ત્યાંથી હિમાલયની આખીયે હાર દેખાય છે. ખૂબ આનંદ છે. ગઈ કાલે હું અહીં આવ્યો છું. લગભગ આજે કે કાલે ઋષિકેશ જઈશ. થોડા દિવસો પહેલાં તમારો નહિ પણ રણછોડ મામાનો પત્ર હતો. તેમાં તેમને તાવ આવે છે એમ લખેલું હતું તો હવે સારું થયું હશે. શરીર છે એટલે એ તો એના ધર્મ રહ્યા. ગભરાવું નહિ. અહીં ખૂબ શાંતિ છે. દિવાળી પર તો આવવાનું બને તેમ ન હતું. બને તો પોષ માસની શરૂઆતમાં આવવા વિચાર છે. તમારે ચિંતા કરવી નહિ. ભગવાનનું સ્મરણ કરવું. આ વિનાશી સંસારમાં ઈશ્વર વિના બીજું કાંઈ નિત્ય તથા સુખદાયક નથી એમ માની લઈ ઈશ્વરને માટે જ આપણા જીવનને વ્યતીત કરવું જોઈએ. ત્યારે જ સુખ, શાંતિ ને કલ્યાણ મળે. તુલસીકૃત રામાયણ, શ્રીમદ્ ભાગવત, ગીતાજી, ભજનો, વગેરેનો અભ્યાસ રાખવો. સંસારમાં પ્રસંગોથી કંટાળવું નહિ. એ અજ્ઞાનીનું નિશાન છે. ઈશ્વર પર શ્રદ્ધા રાખી દરેક પ્રસંગે આનંદમાં રહેવું. જીવનમાં હરેક પ્રસંગે એનું સ્મરણ કરવાથી અંતે પણ જ્યારે શરીર છૂટી જાય ત્યારે એ પરમકૃપાળુ પરમેશ્વર કૃપા કરીને આપણને ભગવાનનું જ એટલે તેનું જ સ્મરણ આપે છે ને આપણને પરમ શાંતિ મળે છે.

# ॥ કર્મનો નિયમ ॥

દેવપ્રયાગ,

તા.૨ એપ્રિલ'૪૩

**પરમ પૂજ્ય માતાજી,**

તમારો પત્ર ૬-૭ દિવસ થયા મળ્યો હતો. અહીં રહેવાનું અનિશ્ચિત હતું એટલે કાંઈ લખ્યું ન હતું. ઉત્તર કાશી જવાનો વિચાર હતો પણ હમણાં અહીં જ રહેવાનું રાખ્યું છે. બે-ત્રણ મહિના અહીં જ રહીશ. અહીં જ્યાં મોટર ઊભી રહેતી હતી તેની ઉપર પહાડની અંદર ચક્રધરજી એક કુટી બનાવે છે. તે ૬-૭ દિવસમાં તૈયાર થશે એટલે ત્યાં જ રહેવાનું થશે. ચક્રધરજી ખૂબ પ્રેમાળ છે એટલે અહીંથી જવા દે તેવા નથી. ઈશ્વરની દયા છે. આજે તારાને પણ એક પત્ર લખ્યો છે.

તમારી તબિયત કેવી છે ? ઈશ્વર જે સ્થિતિમાં રાખે તેમાં રાજી કહેવું. કર્મના નિયમ પ્રમાણે સર્વ કાંઈ બન્યે જાય છે. તેમાં આપણું કાંઈ ચાલતું નથી. ઈશ્વરની દયાથી એક વખત તમે પણ સાથે રહી શકશો એવો વખત આવશે ને તમારા દિવસો પણ આનંદમાં જશે. ત્યાં આનંદ હશે. ઈશ્વરભાઈને પ્રણામ કહેશો. તેઓ ખરેખર મહાપુરુષ છે. તેમના વિચાર ને તેમનું જ્ઞાન ખરેખર આનંદજનક છે. તેમની કથા ચાલે છે એટલે ખૂબ રસ પડતો હશે.

તમારા પત્ર પરથી લાગે છે કે તમે હજી અમદાવાદ ગયાં નથી તેમ જ તારા પણ હજી ઘેર આવી નહિ હોય. અમદાવાદ અધિક માસ પછી જવાનું થાય તો બંગલે જશો ને પ્રણામ અમારા વતી કહેશો. બિચારા ભાવિક છે. તમારું શરીર સારું હશે. અહીં આવ્યા પછી તબિયત તો ખૂબ સારી થઈ ગઈ છે, કેમકે કે ગંગાજીનું પાણી પહેલેથી જ ખૂબ અનુકૂળ છે.

આ માનવદેહ અનેક જન્મોના પુણ્યે મળ્યો છે. ને ભગવાનની વાર્તામાં રસ લાગવો એ પણ લાખો જન્મના પુણ્યનું

જ કારણ છે. તો તેવા શરીરનો ઉપયોગ ભગવાનને માટે જ બને તેટલો કરવો જોઈએ. ભગવાનની સેવાપૂજા-ગીતાવાચન-રામાયણ વાચન-ભજન વગેરેમાં સમય ગાળવો જોઈએ એ જ ડહાપણ છે.

શરીર સંભાળીને કામકાજ કરશો.

## ॥ પ્રભુની કસોટી ॥

**દેવપ્રયાગ,**

**તા.૪ મે'૪૫**

**પૂજ્ય માતાજી,**

તમારો પ્રેમભર્યો પત્ર તારાની સાથે લખેલો તે ગઈ કાલે મળ્યો. વાંચી આનંદ થયો. તમે બંગલે જઈ આવ્યાં તે વાત જાણી. સારું થયું. તેમનો ભાવ પણ જણાયો. પત્ર તો એક જ ત્યાં લખ્યો હતો. હવે લખવાનું નથી.

દુનિયામાં પ્રભુ ખાસ કરીને જે તેની ભક્તિ કરે છે તેની કસોટી કરે છે. અનેક રીતે તેના માર્ગમાં તે બાધા મૂકે છે. બધાં જ કાંઈ એકસરખાં થોડાં હોય છે ? કોઈ પત્થર પણ હોય તો વળી કોઈ રતન પણ ન હોય તેમ નહિ. પણ રતન ભાગ્યે જ હોય. તેમ દુનિયામાં પણ સત્ય વસ્તુને જાણનારા ને તેને અપનાવનારા બહુ જ ઓછા હોય છે. આપણે તો આનંદમાં જ રહેવું. કોઈને દોષ પણ ના દેવો. કેમ કે જેના જેટલાં પુણ્યકર્મ તેટલું તેને સારું સૂઝે છે. તે પુણ્ય ખલાસ થતાં પાછો પોતાનો નબળો સ્વભાવ આવી જાય છે. ભગવાનની માયા આને જ કહે છે ને આ તેની જ લીલા છે. પણ જે મહાપ્રેમી ને શ્રદ્ધાળુ આત્મા કોઈ પણ વસ્તુને ગણકાર્યા વિના સત્ય કામ કર્યે જાય છે, તેની આગળ ઈશ્વર તો શું—જગત પણ એકવાર નમી જાય છે. માટે હંમેશ આનંદમાં રહેવું ને ભગવાનનું વધારે ભજન કરવું એ જ ધર્મ છે.

જીવન કેટલું ટૂંકું છે ! સંસારમાં શું સુખ ભર્યું છે ? દુઃખ ને વેરઝેર વિના છે જ શું ? પણ તેને છોડીને પણ કયાં કોઈ જઈ શક્યું છે ? જ્યાં જઈએ ત્યાં જગત છે જ. માટે સાચો ઉપાય એ જ છે કે ભગવાનના પ્રેમમાં મસ્ત થઈ જવું. ઈશ્વરમય જીવન ગાળવું. સારા પુસ્તકો (ગીતા, રામાયણ જેવા) વાંચવાં. આમ કરવાથી જગત આપણે માટે સુખમય ને અમૃતમય બની જાય છે. સુખ પણ આવે ને દુઃખ પણ આવે. કોઈ બે શબ્દ સારા પણ કહે ને કોઈ પોતાની બુદ્ધિ પ્રમાણે ખરાબ પણ કહે. પણ દરેકમાં સમાન રહેવું. ભગવાનની શ્રદ્ધા રાખીને સહનશીલ બનવું, એ જ મોટું કામ છે. ને તેવું કરવાથી આપણને ભગવાનની પ્રાપ્તિ થઈ શકે છે.

હમણાં અહીં જ રહેવાનું છે. કુટી તૈયાર થઈ ગઈ છે. બહુ સુંદર છે. આજુબાજુ ૫૦-૭૦ આંબાનું મોટું આંબાવાડિયું છે. વચ્ચે કુટિ છે. પાસે શાંતા નામની નદી તથા ૨-૩ ઝરણાં છે. તમને આ સ્થાન યાદ આવે જ. પણ અત્યારે ઉપાય શું છે ? તમે પૂરાં નિવૃત્ત થઈ જાઓ પછી અહીંયાં જ સાથે રહેવાનું બનશે. થોડો વખત અહીં-થોડો વખત ત્યાં એમ થઈ શકશે. હમણાં તો ડોસીમાનું કામ છે તો તેને પણ ઈશ્વરની ઈચ્છા માનીને હંમેશાં આનંદમાં રહેવું ને તેનું બનતું નામસ્મરણ કર્યા કરવું. ભગવાને તમારી આટલી બધી વાત સાંભળી : ઠેઠ બદરીકેદારની યાત્રા કરાવી તો હજી પણ બધું સાંભળશે, ને તમને અહીં લાવશે, જરૂર લાવશે, તમારી ઈચ્છાઓ પૂરી થશે એવી અમારી શુભેચ્છા છે. શરીર સારું છે. તમારું શરીર પણ સંભાળશો. ઘરડી બા સારાં હશે.

તારાને આજે પત્ર લખ્યો છે. તેના પત્ર પરથી દુઃખી હોય તેવું લાગે છે. તો તે કેમ છે ? કાંઈ દુઃખ તો નથી ? બહુ કંટાળી ગઈ લાગે છે. તેની ખબર લઈને તમે વારંવાર શાંતિ આપજો.

બીજું આ વખતે ઉનાળામાં વડોદરાથી બધાં આવે ત્યારે જમીન છોડાવવાનું નક્કી રાખજો. અમે વડોદરામાં તમારા

નામનું મુખત્યારનામું કર્યું છે. એટલે અમારે નામે તમને ગમે તે કરવાનો હક છે. બેચાર માણસોને બોલાવીને વાત કરજો. પૈસાની મુશ્કેલી હશે; પણ હમણાં ગમે તેમ કરી કામ કરી લેજો. ભગવાનની દયાથી તે સંબંધી વ્યવસ્થા થઈ જશે. ને તેની ચિંતા નહિ રહે.

## ॥ ડૂબ ગઈ દુનિયા ॥

**દેવપ્રયાગ,**

**તા.૨૬ જૂન'૪૫**

**પૂજ્ય માતાજી,**

પત્ર મળ્યો. આનંદ થયો. વસંતનો પત્ર પણ મળેલો. તેને રાણેસર હશે એમ માની રાણેસર પત્ર લખ્યો છે. તમારું શરીર સારું હશે. અમારું શરીર સારું છે. ચિંતા કરશો નહિ તારાનો પત્ર હતો. આજે તેને પણ પત્ર લખ્યો છે.

બીજું જમીન બાબત ભગવાન બધું સારું કરી દેશે. સગા કોઈ સગા નથી. એમનો પ્રેમ જૂઠો ને પોકળ હોય છે. એવું ભગવાન આપણને આવા દાખલા આપીને શીખવે છે. અમારી આગળ તો તે કેવું ડાહ્યું ડાહ્યું બોલતાં'તાં ને જમીન આપવા તૈયાર થતાં હતાં; પણ ભગવાન બધું સારું કરશે. આપણે કાંઈ જમીન પર બેઠાં નથી. છે તેટલી જતી રહે તોયે ભગવાનના પ્રતાપે આપણે ઘણું ઘણું છે ને તમને જરાય મુશ્કેલી પડે તેમ નથી. પણ આ તો દુનિયાના સગાની વાત જોવાની છે.

તમારું શરીર સારું હશે. હંમેશાં આનંદમાં રહેવું. ભગવાનના પૂજાપાઠમાં લાગ્યે રહેવું. સંસારના ઝઘડા ને રંગઢંગ તો આંખો ઉઘાડી રહે ત્યાં સુધી છે પછી તો ભગવાનનું સ્મરણ જ ખરું કામનું છે. આંખ બંધ થાય એટલે તો કબીરજી કહે છે તેમ 'ડૂબ ગઈ દુનિયા' એવું બને છે. જે અજ્ઞાની છે તે માયા ને મોહમાં તથા સંસારના રંગોમાં જિંદગી ને આવો મહામોંઘો માનવઅવતાર ખોઈ નાંખે છે. આપણે તેનો ઉપયોગ

ભગવાનના ભજનમાં જ કરવો ને દુનિયાના વ્યવહાર તથા ઝઘડાથી દૂર રહેવું. આપણે જ્યાં સુધી ભગવાનનાં ના થઈએ ત્યાં સુધી દુઃખ છે. ભગવાનના થયા પછી સુખ જ સુખ છે. નરસિંહ મહેતા જેવા કેટલાંય ભગવાનના ભજનથી સુખી થઈ ગયા છે.

## ॥ ભગવાનની લીલા અપાર ॥

**દેવપ્રયાગ,**

**તા.૧ સપ્ટેમ્બર'૪૫**

**પૂજ્ય માતાજી,**

તમારો પત્ર મળ્યો. સાથે કવર મોકલેલું તે પણ મળ્યું. બધી વાત જાણી. જમીન બાબત તે લોકો સીધી રીતે માને નહિ તો કાયદેસર કૉર્ટમાં કામ લીધા વિના છૂટકો નથી માટે તે બાબત કૉર્ટમાં કામ લેવાનું નક્કી સમજી લેજો. એમાં કાંઈ જ ખોટું નથી. કેમ કે ન્યાયને માટે તેવું પગલું લેવાનું છે. તમારું શરીર સારું હશે. વરસાદ સારી રીતે પડતો હશે. અમારી તબિયત સારી છે. આવવા સંબંધી હજી નક્કી નથી પણ દિવાળી પર આવવાનું બને ખરું. પછી તો જેવી ભગવાનની ઇચ્છા.

અહીં વરસાદ બરાબર પડે છે. ચક્રધરજી તો આ વરસે લાગલગાટ બહાર જ ફર્યા કરે છે. જ્યોતિષના કામને અંગે દિલ્હી વગેરે ઠેકાણે જાય છે. હમણાં કલકત્તા ગયા છે. તે સહેજ. અહીં અમારી કુટી દેવપ્રયાગની વસ્તીથી દૂર એકાંતમાં છે. તથા કોઈ અહીં આવે તેવું નથી. વળી અમારા નિયમ પ્રમાણે અમે અયાચક વૃત્તિ જ રાખી છે એટલે કે કોઈની પાસે કશું જ માંગતા નથી. પરંતુ ભગવાનની લીલા અપાર છે. તેની દયા એવી છે કે અહીં કોઈ વાતની ચિંતા નથી. ભગવાન બધું જ મોકલી દે છે. અહીંના લોકો તો

ખૂબ જ અશ્રદ્ધાળુ છે. ત્યાં સરોડામાં તો કોઈ સાધુ સંન્યાસી આવે તો એકાદ-બે મહિના બધાં પોતાને ઘેર ભિક્ષા માટે બોલાવે ને તે ખુશીથી રહે. પણ અહીંની વસ્તી જો કે બ્રાહ્મણની છે. પણ તદ્દન સંસ્કાર વિનાની છે. તેથી અહીં સાધુ-સંત રહેતા નથી, ને ઋષિકેશ જેવાં સ્થાનોમાં જ્યાં ક્ષેત્ર છે ત્યાં જ રહે છે. તમને આશ્ચર્ય થતું હશે કે તો પછી અમારા ૫-૬ મહિના અહીં કેવી રીતે ગયા. પણ તેમાં ભગવાનની દયા જ છે. આપણે સાચી નિષ્ઠાથી ભગવાનની ભક્તિ કરીએ તો આપણું યોગક્ષેમ તે ખૂબ જ સંભાળપૂર્વક ચલાવે છે. એવી તેની પ્રતિજ્ઞા છે. ફક્ત વિશ્વાસ ને શ્રદ્ધા જોઈએ. તો બેડો પાર.

બસ. ભગવાનના ગુણ ગાવામાં ને તેની વાતો વાંચવામાં જ આનંદ લેવો જોઈએ. જે ભગવાનનો રસ પીએ છે તેમને માટે આ સંસાર સુખરૂપ થઈ જાય છે ને સ્વર્ગના જેવો સુંદર બની રહે છે. દુનિયાની બાજી તો જ્યાં સુધી આઁખ ઉઘાડી છે ત્યાં સુધી જ છે. આંખ બંધ થઈ કે બધુંયે નાટક પૂરું થયું જાણવું. આવે વખતે ભગવાનનું સ્મરણ એ જ સાચી કમાણી છે. સત્યયુગમાં ને દ્વાપર તથા ત્રેતાયુગોમાં ભગવાનની પ્રાપ્તિ માટે તથા આત્માની શાંતિ માટે ખૂબ ખૂબ આકરી તપસ્યાઓ કરવી પડતી. પણ આ ઘોર કલિયુગમાં તો હરિના નામના દરરોજના પ્રેમપૂર્વકના સ્મરણથી જ બધું ફળ મળી રહે છે. ફક્ત માયાવી જીવને ભગવાનનાં ચરણોનો રસ લાગવો જોઈએ.

આનંદમાં રહેજો તથા પત્ર લખતાં રહેજો. કોઈ વાતની ચિંતા કરવી નહિ. ભગવાન બધું સારું જ કરશે. હવેથી કવર કે રીપ્લાઈડ કાર્ડ મોકલવો નહિ. તમારે કામ આવે. અમને તો ભગવાનની દયાથી બધું મળી રહે છે.

# ॥ દક્ષિણેશ્વરની યાત્રા ॥

દેવપ્રયાગ,

તા.૧૩ ઑક્ટો'૪૫

**પૂજ્ય માતાજી,**

તા.૩૧મીને દિવસે ઈશ્વરની અચાનક પ્રેરણા થવાથી અહીંથી કલકત્તા તરફ જવાનું થયું હતું. હજી ગઈ કાલે અહીં આવવાનું થયું છે એટલે આ પત્ર લખું છું. આપણે યાત્રામાં બનારસ (કાશી) ગયાં હતાં. ત્યાંથી કલકત્તા ૨૪ કલાકનો રસ્તો થાય. કલકત્તાથી ૬-૭ માઈલ દૂર દક્ષિણેશ્વર કરીને એક સ્થાન છે. તમને યાદ હોય તો યાત્રામાં રામકૃષ્ણ પરમહંસની વાત તમને કહી હતી. તે એક મોટા મહાત્મા થઈ ગયા. તેમને શરીર છોડ્યે ૬૦-૭૦ જેટલાં વરસ થયાં. પરંતુ તેમનું સ્થાન હજીયે સુરક્ષિત છે. તે જે સ્થાનમાં રહેતા તેનું નામ દક્ષિણેશ્વર. ત્યાં પણ ગંગાજી છે ને ગંગાજીને કિનારે જ તે સ્થાન છે. કાલિકા, શંકર તથા દેવી દેવતાઓના ત્યાં મંદિર છે. પંચવટી છે ને ૩-૪ તળાવ છે. રામકૃષ્ણ પરમહંસ જે ઓરડામાં રહેતા તે ઓરડો હજી એવો જ રાખેલો છે. તે જે પલંગ પર સુતા તે પલંગ તકિયો, ગાદલું વગેરે એવું જ પાથરી રાખેલું છે. ને બપોરે તથા રાતે તે ઓરડો બંધ રહે છે. બાકીના સમયે તે ઉઘાડો રહે છે. તથા અનેક લોકો ત્યાં દર્શન કરવા આવે છે. મારો વિચાર ત્યાં બે ત્રણ માસ રહેવાનો હતો પરંતુ દિવસે લોકોની અવરજવર બહુ હોવાથી જોઈતું એકાંત ના જણાયું. ખૂબ જ લાંબો પ્રવાસ થયો. ભગવાન એવો દયાળુ છે કે જ્યાં જવાનું હોય છે ત્યાંની બધી વ્યવસ્થા કરી દે છે. કેમ કે જે તેનું સતત સ્મરણ કરે છે તેની ચિંતા પણ તેને જ રહે છે.

ૠષિકેશમાં બધાં તમને યાદ કરે છે. દેવકીબાઈ ધર્મશાળાવાળા વલ્લભદાસ તો ન હતા. દેશમાં ગયા હતા.

અહીં આનંદ છે. શરીર સારું છે. રેલમાં આજકાલ ભીડ પુષ્કળ હોય છે. ખૂબ જ ગિરદી હોય છે. ત્યાં પાક સારો થયો હશે. તમારી તબિયત સારી હશે. શરીર સાચવીને કામકાજ કરશો. અમે હમણાં બે માસ-ત્રણ માસ અહીં જ રહીશું.

—શ્રીયોગેશ્વરજી

# ॥ પ્રાર્થનાની શક્તિ ॥

ઈ.સ.૧૯૪૭ દરમ્યાન કલકત્તામાં જે રમખાણ થયું તે વખતે એક પ્રસંગ બનેલો. લૂંટફાટ, ખૂન અને અત્યાચાર કરનારી એક ત્રિપુટીએ એક ઘરમાં હથિયાર સાથે પ્રવેશ કર્યો. ઘરમાં પેસી એ ત્રણે ગુંડાઓએ ઘરના મોટા માણસોને મારી નાખ્યા. પછી ઘરમાં બેબાકળી બની ગયેલી યુવાન કન્યા પર બળાત્કાર કરવાનો વિચાર કર્યો. પરંતુ કન્યા યુવાન, સુંદર ને ભણેલી હતી. તેનું શિયળ લૂંટાવાનો વખત પાસે હતો. જે પવિત્ર સ્ત્રીને પોતાના શિયળની કીંમત છે તે તો શિયળનો ભંગ થતાં પહેલાં મરવાનું જ પસંદ કરે, પણ ભૂખ્યા વરૂ જેવા ગુંડાઓ સામે મરવા માટે કોઈ સાધન ન હતું.

પણ એથી કઈ હિંમત હારી જવાય ? કન્યાને ભગવાન પર શ્રદ્ધા હતી. ભગવાને દ્રૌપદીની લાજ રાખી તે વાતની તેને ખબર હતી. તેણે ખૂબ વ્યાકુળ થઈ પ્રભુની પ્રાર્થના કરી. આંખમાં આંસુ સાથે તેણે પોકાર કરવા માંડ્યા. 'શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે, હે નાથ નારાયણ વાસુદેવ.' શરીરે કંપ ને રોમાંચ, આંખમાં આંસુ ને અંતરમાં આક્રંદ.

તે બહેનની દશાનો તમે વિચાર કરી લેજો. તેનું દિલ કેટલું કંપતું હશે ? શિયળની રક્ષાને જે મહત્ત્વની માને છે તે બેનની દશાનો ખ્યાલ સહેલાઈથી કરી શકશે, પણ પ્રભુ બહુ દયાળુ છે. તે યુવાન કન્યાની કાકલુદીભરી અરજ સાંભળીને તેની મદદે દોડી આવ્યા, અને આખો પ્રસંગ પલટાઈ ગયો. તે ત્રણે ગુંડાઓ કન્યાને જોઈને નાચવા લાગ્યા ને કન્યા પર પહેલો બળાત્કાર કોણ કરે તે માટે વિવાદમાં પડ્યા. ત્રણે વચ્ચે વિવાદ વધી પડ્યો તો તેને પરિણામે તકરાર થઈ પડતાં એક ગુંડાએ બીજાનું ખૂન કર્યું. એ

જોઈ ત્રીજો ગુંડો ઉશ્કેરાઈ ગયો ગુસ્સામાં આવી તેણે પોતાની સાથે લડતા ગુંડાનું ખૂન કરી નાખ્યું. ઉશ્કેરાટમાં આવેલો તે ગુંડો, કન્યાને ભૂલી ગયો હોય તેમ બારણાં ખુલ્લાં મૂકી નાસી ગયો.

આ વખતે પેલી પવિત્ર પ્રભુપરાયણ કન્યાને કેટલો બધો આનંદ થયો હશે, ને તેણે ઈશ્વરનો કેટલો ઉપકાર માન્યો હશે તેનો વિચાર તો કરો ! કુટુંબના જે માણસોને મારી નાખ્યા હતા, તે તો હવે ક્યાંથી છૂટી શકે ? પણ જેમને બાંધ્યા હતા તેમને છૂટા કર્યા અને તેમની સાથે પોતે સલામત સ્થાનમાં નાસી છૂટી. દ્રૌપદીના ઉદાહરણની યાદ આપનારો આ પ્રસંગ કેટલો બધો પ્રેરક છે ?

કલકત્તાની એ વીર કન્યાનું ઉદાહરણ શ્રદ્ધા અને ભક્તિનું ઉત્તમ ઉદાહરણ છે. વીર કન્યાએ દુઃખમાંથી છૂટવા ભગવાનને દ્વારે પોકાર પાડ્યો તો ભગવાને તે સાંભળ્યો ને કન્યાનું દુઃખ દૂર થયું. આપણે પણ કોઈવાર મુસીબતમાં પડીએ છીએ, ત્યારે ભગવાનને યાદ કરીએ છીએ ને પ્રાર્થના કરીએ છીએ. તો ભગવાન તે જરૂર સાંભળે છે અને આપણને મદદ કરે છે. કોઈકવાર તો ઉગરવાની આશા પણ ન હોય, મદદ માટેની બારીઓ બધી બાજુથી બંધ થઈ ગઈ હોય અને અંતરમાં ઊંડી નિરાશા છવાઈ ગઈ હોય, ત્યારે થયેલી પ્રભુની પ્રાર્થના જરૂર ફળે છે ને અણધારી મદદ મળી રહે છે. પરિણામે મુસીબત દૂર થઈ નિરાશા મટી જાય છે. સાચા દિલના પોકારથી આટલો બધો લાભ મળે છે, ત્યારે ઈશ્વરને રોજ પુકારવાથી ને રોજેરોજ યાદ કરવાથી કેટલો બધો લાભ થતો હશે ? પ્રભુને કાયમને માટે ભજનારા ભક્તોની મદદ માટે પ્રભુ કેટલા જલદી ને વિરાટ પ્રમાણમાં તત્પર રહેતા હશે ? માટે પ્રભુને રોજેરોજ યાદ કરો, પ્રેમથી યાદ કરો, દરેક દશામાં યાદ કરો.

**—શ્રીયોગેશ્વરજી**

(ધૂપસુગંધ)

# ॥ ગતિ અને ઉન્નતિ ॥

એક ગામને પાદર એક માણસ ઊભો હતો. તેની પાસે તેનો મિત્ર હતો. તે બેઠો બેઠો કોઈ કામ કરતો હતો. ત્યાંથી એક વટેમાર્ગુ પસાર થયો.

વટેમાર્ગુએ ચાલતાં ચાલતાં જ પૂછ્યું કે 'આગળના ગામે કેટલાક વખતમાં પહોંચી શકાશે ?'

ઊભેલા માણસે ઉત્તર આપ્યો કે, એકાદ કલાકમાં પહોંચી શકાશે.

થોડીવાર પછી બીજો પ્રવાસી પસાર થયો ને તેણે પણ તે જ પ્રશ્ન કર્યો.

ઊભેલા માણસે તેને ઉત્તર આપ્યો કે આગળનું ગામ બહુ દૂર નથી. આ રહ્યું : તમે અડધા કલાકમાં જ ત્યાં પહોંચી જશો.

બંને માણસોએ એક જ ગામ વિશે પૂછ્યું હતું. તેમને ઉત્તર આપનાર માણસ પણ એક જ હતો. છતાં તે બંને ઉત્તર જુદા જુદા હતા, તેમાં ભારોભાર તફાવત હતો. તેના તફાવતનું કારણ શું ? પાસે બેસીને કામ કરનારા-બધી વાત સાંભળનારા મિત્રે, પોતાના ઉભેલા મિત્રને તેનું કારણ પૂછ્યું.

મિત્રે જવાબમાં સ્મિત કરતાં કહ્યું : 'ભાઈ, આટલી સાધારણ વાતનું કારણ પણ તારા સમજવામાં ન આવ્યું ? તેનું કારણ તો ઘણું સહેલું છે. બંને માણસો એક જ ગામે પહોંચવાનો સમય પૂછતા હતા. પરંતુ પહેલો માણસ બહુ જ ધીમી ગતિએ ચાલતો હતો. તેથી તેને મેં તેની ચાલ પ્રમાણે અનુમાન કરીને એક કલાક કહ્યો. જ્યારે બીજા માણસની ગતિ ઝડપી હતી. પહેલા માણસ કરતાં તે બમણા વેગે ચાલતો હતો તેથી તેના પ્રશ્નના ઉત્તરમાં મેં અડધો કલાક

બતાવ્યો. મારા બંને ઉત્તરો ગણતરીપૂર્વકના, ચોક્કસ ને સાચા હતા. આટલા ખુલાસા પરથી તારી ખાત્રી થશે.'

વાત સાચી છે. આધ્યાત્મિક ઉન્નતિના માર્ગને પણ આ જ નિયમ લાગુ પડે છે અને એ બાબત પણ એવો જ ખાતરીપૂર્વકનો ખુલાસો આપી શકાય છે. કેટલા વખતમાં કોણ યોગી થઈ શકશે અથવા તો કેટલા વખતમાં કોને ઈશ્વરની પ્રાપ્તિ થઈ શકશે તે ચોક્કસ કહી શકાય તેમ નથી. ઈશ્વરનું દર્શન એક જ જન્મમાં પણ થઈ શકે છે, એક જન્મમાં પણ તમે પૂર્ણ યોગી બની શકો છો ને પરમાત્માનો સાક્ષાત્કાર પણ કરી શકો છો અને તે માટે તમને કેટલાય જન્મો લાગી જાય એમ પણ બની શકે છે. તમારી લાયકાત ને ચાલ પર તેનો આધાર રહે છે. જો તમે લાયકાતની દૃષ્ટિએ નબળા હશો ને કીડી કરતાં ધીમે ચાલતા હશો તો કેટલાય જન્મે પરમાત્માની પાસે પહોંચી શકશો. પરંતુ લાયકાતને વધારી ઈશ્વરના દર્શનને માટે ઝડપથી પ્રયાસ કરશો તથા જંગલમાં ઝરણાં ને ચંચળ હરણ જેમ વેગમાં દોડે છે, તેમ જો સાધનાના માર્ગે વેગથી આગળ વધ્યે જશો, તો ઈશ્વરનું દર્શન જલદી ને એક જ જન્મમાં કરી શકશો. આકાશમાં ઊડનારાં પંખી કેવાં સડસડાટ ઊડ્યે જાય છે ? પંખા જેવી પાંખથી એકધારા ઊડનારાં પંખી પણ આ જ વાત કહી રહ્યાં છે. તમારી જાતની ઉન્નતિના આકાશમાં પણ એ જ રીતે ઊડો તો કામ સહેલું થઈ જશે, બાકી પ્રમાદ કરશો, નાહિંમત ને નિરાશ બનશો અને આડે માર્ગે અટવાઈ જશો, તો ન જાણે કેટલા જન્મે પરમાત્માનો સાક્ષાત્કાર કરીને જીવનને શાંતિમય, મુક્તિમય, સફળ ને ધન્ય બનાવી શકશો. ગતિ પર ઉન્નતિનો ઘણો આધાર રહે છે એ સાચું છે.

—શ્રીયોગેશ્વરજી

(ધૂપસુગંધ)

# ॥ અજબ અનુભવ ॥

ગયા જૂન માસમાં હું સરોડા હતો ત્યારે જે પ્રસંગ બન્યો તે સદાને માટે સ્મરણપટ પર અંકિત થઈ ગયો છે. પ્રસંગો જીવન પર પોતાની છાપ મૂકી જાય છે અને કોઈપણ રીતે, કોઈ કાળે, સ્થળે ને કારણે ભૂલી નથી શકાતા. જીવનમાં અમર રહેવા એ સરજાયા હોય છે. મારું આખું જીવન ઈશ્વરી કૃપાના નાનામોટા અનેક પ્રસંગોથી બને છે ત્યારે મને કોઈ જાતની નવાઈ નથી લાગતી. છતાં એક પ્રકારનો અભૂતપૂર્વ આનંદ થાય છે ને હૃદય ઈશ્વરની કૃપાને યાદ કરીને ભાવવશ બની જાય છે.

એ દિવસે મારા રોજના નિયમ પ્રમાણે હું સાંજના વખતે મકાનના નિયત કરેલા ઓરડામાં ધ્યાનમાં બેઠો હતો. ધ્યાનનો સમય પૂરો થતાં પ્રાર્થના કરીને મેં આંખ ખોલી તો મારી નજર સામેના ગોખલામાં રાખેલી શ્રી સાંઈબાબાની પ્રતિમા પર પડી. મુંબઈના એક ચિત્રકાર તથા શિલ્પી ભાઈએ મને એ ભેટ આપી હતી. તેથી પ્રેમથી આપેલી એમની એ ભેટનો અનાદર કરવાને બદલે મેં તેને ઘરમાં રાખી હતી. ઘરના એ ઓરડામાં બીજા પણ પ્રાતઃસ્મરણીય સંતપુરુષોના ફોટા હતા. લગભગ રાતના આઠેક વાગ્યાનો વખત હોવાથી ઓરડામાં બધે જ અંધારું પથરાઈ ગયું હતું. કાંઈ પણ દેખાતું ન હતું. મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું તો ગોખલામાં મૂકેલી સાંઈબાબાની પ્રતિમા પર શાંત છતાં તેજસ્વી પ્રકાશનો ગોળો હતો ! પ્રકાશનું એ વર્તુળ એમના પગ પર પથરાયેલું હતું. હું ઊભો થયો, એની પાસે ગયો અને એને હાથ લગાડી જોયો. ઓરડાની અંદર ને બહાર બધે જ અંધારું હતું. ત્યારે ઓરડામાં આટલો બધો તેજસ્વી પ્રકાશ આવ્યો ક્યાંથી ? અને એ પણ બીજે ક્યાંય નહિ ને કેવળ સાંઈબાબાની જ મૂર્તિ પર ! મને આનંદ પણ થયો, અચંબો પણ લાગ્યો.

પણ પ્રકાશ તો મારી પ્રક્રિયાની પરવા કર્યા વગર આગળ

વધ્યો ને પગ પરથી ઉપર ચઢીને છાતી પર આવી પહોંચ્યો. બે-ત્રણ મિનિટ ત્યાં રહી પાછો ઉપર ચઢ્યો, ને સાંઈબાબાના ગળા પર થઈ એમના વદન પર સ્થિર થયો. એમનું વદન એ પ્રકાશને લીધે જ્યોતિર્મય બની ગયું.

આ અણધાર્યા અનુભવથી મને કાંઈ ને કાંઈ વિચારો આવવા માંડ્યા. મને થયું કે પોતાની સત્યતા બતાવવા આ પ્રકાશ સાંઈબાબા પોતે જ બતાવી રહ્યા છે ? હજુ પણ એ હયાત છે ને ઈચ્છાનુસાર કામ કરે છે અથવા અનુભવ આપે છે. એના પુરાવારૂપ શું એ આવો અજબ અનુભવ બીજાને પણ કરાવું !

બહાર ચૉકમાં બેન ને તેનાં છોકરાં તથા માતાજી હતાં. તે બધાં જમવાની તૈયારી કરતાં હતાં. બહાર જઈ મેં તમને કહ્યું : 'સાંઈબાબાનો ચમત્કાર જોવો હોય તો આવો.'

તે બધાં દોડી આવ્યાં. પ્રકાશ હજુ સાંઈબાબાના ચહેરા પર એવો જ સ્થિર હતો. તેને જોઈ બધાં આભા બની ગયાં. કેવો અસાધારણ પ્રકાશ હતો !

લગભગ પોણા કલાક લગી એવી રીતે અચલ રહીને આખરે એ પ્રકાશ ઝાંખો થયો ને પછી અદૃશ્ય થઈ ગયો. ઓરડામાં બીજે તો અંધારું હતું જ, હવે પ્રતિમાની આજુબાજુ પણ અંધારું ફરી વળ્યું.

બહાર આવીને બધાં જમવા બેઠાં પરંતુ એ અજબ અનુભવ આંખે તરવરવા લાગ્યો. બાળકો તો એ પછી રોજ સાંજે ઓરડામાં જવા લાગ્યા, પણ એમ કાંઈ પ્રકાશ દેખાય ? એ તો જ્યારે બતાવવા માગે, ને જેને બતાવવા માગે, તેને તથા ત્યારે જ દેખાય. રામાયણમાં કહ્યું છે ને : 'પોતાનું સ્વરૂપ તે જેને જણાવવા માગે છે, તે જ તેને જાણી શકે છે.' તેની કૃપા થાય તો જ માણસ તેને જોઈ શકે. તેની કૃપા વિના કંઈ જ ન થાય.

**—શ્રીયોગેશ્વરજી**

(ધૂપસુગંધ)

# ॥ રામકલીનો મેળાપ ॥

'તમારું મૂળ ગામ ?'

'પ્રયાગ પિયર, રાજાપુર સાસરું.'

'રાજાપુર સાસરું ?'

'હા.'

'રાજાપુર તો રામાયણના રચિતા સંતશિરોમણિ તુલસીદાસનું જન્મસ્થાન.'

'હા. મારું લગ્નજીવન રાજાપુરની એ જ પવિત્ર ભૂમિમાં થયેલું, એને મારું સદ્‌ભાગ્ય સમજું છું.'

'પિયરમાં બીજું કોઈ નથી ?'

'ઘણા છે પરંતુ શા કામના ? ઈશ્વર સિવાય કોઈ કોઈનું નથી.'

'સાચેસાચ એવું છે ?'

'હા. મારા મનમાં એ વસ્તુ દૃઢ થઈ ગઈ છે. એટલે તો પિયર સસરાનો ત્યાગ કરીને હું અહીં રહું છું. ભગવાન કૃષ્ણની ભૂમિ-લીલાભૂમિ વૃંદાવનમાં.'

'કોઈ તકલીફ તો નથી ?'

'ના. ભગવાનની ભૂમિમાં શી તકલીફ હોય ? અહીં તો બધી રીતે આનંદ જ આનંદ છે. ભગવાનની કૃપા છે.'

આ વાર્તાલાપ કોની સાથેનો છે તેની કલ્પના કરી શકાય છે ? વૃંદાવનની રમણ રેતીના રમણીય પવિત્ર પ્રદેશમાં આવેલા બાંકે બિહારી એક નાની સરખી ઓરડીમાં છેલ્લાં કેટલાંક વરસોથી વાસમાં પ્રૌઢાવસ્થાએ પહોંચેલી કૃષ્ણપ્રેમી સાધ્વી સ્ત્રી રામકલી સાથેનો વાર્તાલાપ અથવા એમાં પ્રકટ થયેલા એ પવિત્ર સાધ્વીના

ઉદ્‌ગારો એના અંતરની ઉદાત્તતાને, એની સરળતાને, નિષ્કપટતાને, નિખાલસતાને વૈરાગ્યવૃત્તિને સૂચિત કરે છે. એ ઉદ્‌ગારો સહેલાઈથી અને સુસ્પષ્ટ રીતે કહી જાય છે કે રામકલી કોઈ સામાન્ય સ્ત્રી નહોતી પરંતુ સર્વોત્તમ સંસ્કારસંપન્ન સન્નારી હતી. પૂર્વના કોઈક અસાધારણ અમીટ સંસ્કારવારસાથી પ્રેરાઈને સાંસારિક જીવનનો પરિત્યાગ કરીને કૃષ્ણ કૃપામૃતના અલૌકિક આસ્વાદ માટે એણે આ પ્રેમભક્તિપૂર્ણ પુરાણપ્રસિદ્ધ ભૂમિમાં પ્રવેશ કરેલો. 'પૂરવ જનમની હું વ્રજગોપી' એ મીરાંબાઈની ઉક્તિ અનુસાર વ્રજની કોઈ કૃષ્ણલીલાની રાગિણી કૃષ્ણપ્રેમી ગોપી એના રૂપમાં પુનઃ પ્રકટી હોય એવો ભાસ થતો. એ ભૌતિક જગતના બીજા વિભાગોને માટે નહિ પરંતુ વૃંદાવનના ભક્તિરસ ભરપુર પ્રદેશને માટે જ જન્મી હોય એવું લાગી આવતું.

એ પવિત્ર ભક્તિભાવવાળી સાધ્વીનો બાહ્ય વેશ છેક જ સાધારણ હતો. એમાં કોઈ નોંધપાત્ર ઉલ્લેખનીય વિશેષતા નહોતી દેખાતી. એના શ્યામ, કોઈ પણ પ્રકારના આકર્ષણરહિત અંગ પર મેલા જેવો સફેદ સાલ્લો રહેતો. કપાળે તિલક તથા કંઠમાં તુલસીમાળા એનાં એકમાત્ર આભૂષણ હતાં. એનું અંગ મધ્યમ કદનું હતું વાત કરતી વખતે એનામાં સ્ત્રીસહજ સંકોચ દેખાતો. એના અંગમાં કોઈ પ્રકારનું બાહ્ય આકર્ષણ ના હોવા છતાં પણ એના વદન પર ઊંડી અપાર્થિવ શાંતિ, પ્રસન્નતા, નિસ્પૃહતા અને એની આંખમાં ચમક દેખાતી. એની વાણીમાંથી વિશ્વાસ ટપકતો. એ સઘળા પરથી સમજાતું કે, એનો આત્મા ઘણો ઉદાત્ત અથવા ઉત્તમ છે. અમારો એની સાથેનો સમાગમ પણ એકદમ આકસ્મિક રીતે થયો. તારીખ ૨૩ નવેમ્બર, ૧૯૭૨ ને દિવસે અમે કાનપુરનો કાર્યક્રમ પૂરો કરીને વૃંદાવન ગયા ત્યારે શેઠ બિશનચંદના આગ્રહને માન આપીને બાંકે

બિહારી ભવનમાં એમના અતિથિ બનેલા. એવી રીતે તે ભવનમાં એક તરફ રહેતી રામકલીનો મેળાપ અમારે માટે શક્ય બન્યો. પ્રથમ દૃષ્ટિએ તો રામકલીમાં કાંઈ વિશેષતા જેવું ના દેખાયું. અમે એના તરફ ખાસ ધ્યાન ના આપ્યું. પરંતુ બીજે દિવસે સવારે અમારી સાથેના એક ભાઈ આસનના અભાવે ઊભા રહેલા ત્યારે એણે એમને માટે ખુરશી લાવી આપી. એના એવા વિનમ્ર વ્યવહારને જોઈને અમને એને માટે માન પેદા થયું. એથી પ્રેરાઈને મેં એ સાધારણ જેવી દેખાતી સાધ્વીની સાથે વાર્તાલાપ કરવાનો આરંભ કર્યો. આ લેખના આરંભમાં એ જ વાર્તાલાપને રજુ કરવામાં આવ્યો છે.

*

રામકલીના મુખમાંથી સહેજ પણ ગોઠવ્યા વિના છેક જ સ્વાભાવિક રીતે, જે શબ્દો નીકળતા તે શબ્દો એ જન્મજાત સાધ્વીની નિખાલસતાને, નિર્મળતાને, શ્રદ્ધાને અને અંતરની ઉદાત્તતાને પ્રકટ કરનારા હતા. એને વાતવાતમાં સહજ રીતે જ પૂછવામાં આવ્યું કે અહીં રહીને ભજનસાધન અથવા આત્મોન્નતિની સાધના તો થાય છે ને ? તો એણે શિશુસહજ ભાષામાં માર્મિક રીતે ઉત્તર આપ્યો કે જીવથી ભજન શું બની શકે ? અહીં ભજનનો એટલો મહિમા નથી. અહીં તો ભૂમિની રજ છે, અને રજનો જ મહિમા છે. રજ મળી ગઈ એટલે થયું. જેને રજ મળી ગઈ તેનું બધી રીતે કલ્યાણ થયું.

આ ભૂમિમાં કોઈ સારા, મોટા સંત વસે છે ?

એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં રામકલીએ જણાવ્યું કે મોટાનાના સંતની શી ખબર પડે ? સંત સૌ સરખા હોય છે. મોટાનાના નથી હોતા. મારું મન એવા ભેદભાવમાં નથી પડતું.

કેટલો સરસ સારગર્ભિત પ્રત્યુત્તર ! એવો સારવાહી

પ્રત્યુત્તર એના વિના બીજું કોણ આપી શકે ? નાના કે મોટા સંતપુરુષોના વ્યર્થ વિવાદમાં પડવાનું એને જરા પણ પસંદ નહોતું પડતું. એની એ પદ્ધતિ અવનવી હોવા છતાં ખરેખર આવકારદાયક હતી. એમાં કશું જોખમકારક અથવા હાનિકારક ન હતું.

બીજે દિવસે રામકલી પાસેથી કેટલીક બીજી મહત્ત્વની વાતો જાણવા મળી. એમનો ઉલ્લેખ-રસપ્રદ હોવાથી કરી લઈએ.

રામકલીને વર્તમાન શાંત સુંદર સ્થાનમાં રહેવાનું કેવી રીતે થયું તે વિશે ભાવપૂર્ણ ભાષામાં જણાવ્યું કે ભગવાનની કૃપાથી જ સર્વ કાંઈ થતું હોય છે. એમની કૃપાથી જ હું અહીં આવી શકી છું. અહીં આવતાં પહેલાં મેં થોડોક વખત હરિદ્વાર તથા હૃષીકેશમાં ગાળેલો. અહીં આવીને પણ વરસો સુધી શ્યામાબાઈના આશ્રમમાં રહેતી અને આ મકાનમાં રહેતા એક સંતપુરુષની સેવા કરવા આવતી. એ સંત ખૂબ જ ભજનાનંદી હતા. એમનું સ્વાસ્થ્ય બગડ્યું અને એમના શરીરત્યાગનો સમય સંનિકટ આવ્યો ત્યારે એમણે આ મકાનના માલિકને બોલાવીને મારી વાત કરતાં કહ્યું કે તમે રામકલીને અહીં જીવનભર રહેવા દેવાની તૈયારી બતાવતા હો તો ઠીક; મને એથી આનંદ થશે; નહિ તો હું એની બીજે વ્યવસ્થા કરી દઉં. મારે આવતી કાલે શરીર છોડવાનું છે. મકાનના માલિકે મને આજીવન રહેવા દેવાની બાંયધરી આપી એથી એમને શાંતિ થઈ. છેલ્લા દિવસોમાં એ મારા પર ખાસ પ્રસન્ન હતા. બીજે દિવસે પોતાની પૂર્વસૂચનાનુસાર એમણે શરીરનો પરિત્યાગ કર્યો. મકાનના માલિકે એ પછી એમના જ ઓરડામાં મારી રહેવાની વ્યવસ્થા કરી દીધી. મારે જે સીધુંસામાન જોઈએ છે તે બાંકે બિહારીના મંદિરના મુનિમ પાસેથી લઈ આવું છું. મકાનમાલિક એમને એમની અનુકૂળતા પ્રમાણે જે થાય છે તે રકમ ચૂકવી દે છે.

'તમને કોઈ વાર બીજી આર્થિક મદદ મળી રહે છે ?'

'મળી રહે છે', એણે જણાવ્યું. 'કોઈ વાર કોઈ મુલાકાતીઓ કે ભક્તો આવે છે તો મને મદદ કરે છે ખરા. એવી મદદને એકઠી કરીને હું લાંબો વખતે સાધુસંતોને કે ગરીબોને ખીચડી વગેરે ખવડાવી દઉં છું.'

'ખવડાવી દો છો ?'

'હા ખવડાવી દઉં છું. મારે પૈસાને શું કરવા છે ? પૈસાનો બીજો શો ઉપયોગ છે ? મારા જીવનને તો ભગવાન સારી રીતે ચલાવી રહ્યા છે પછી હું પૈસાને શા માટે એકઠા કરું ?'

એ ઉદ્‌ગારો રામકલીના અંતરની ઉદાત્તતાને પ્રકટ કરી રહેલા. અમને સાંભળીને મને થયું કે એનો અંતરાત્મા ઘણો ઊંચો છે.

એને પૂછવામાં આવ્યું કે ભજન કરો છો, તો એણે એની લાક્ષણિક રીતે જણાવ્યું અહીં તો સૂવાનું પણ ભજન છે.

'સૂવાનું પણ ભજન ?'

'હા. વ્રજની પરમપવિત્ર ભગવાનસેવિત ભૂમિમાં નાનીમોટી, સાધારણ દેખાતી કે અસામાન્ય લાગતી પ્રત્યેક ક્રિયા ભજન છે. આ ભૂમિમાં હસવું, વિચરવું ને શાંત થવું એ પણ ભજન છે. મને તો એ બધું ભજન જ લાગે છે.'

*

રામકલીનું વ્યક્તિત્વ વિશદ, સરળ તથા દંભરહિત હતું. એણે સ્કૂલ કે કૉલેજની કેળવણી નહોતી મેળવી તો પણ એની સદ્‌બુદ્ધિ, સમજ અને નિષ્ઠા ખૂબ જ પ્રશંસનીય હતી. એ કોઈ આશ્રમની અધિશ્વરી, મઠપતિ મહંત ન હતી એની ખ્યાતિ પણ ક્યાંય નહોતી પ્રસરી. તો પણ એ એક નિષ્ઠાવાળી સાત્ત્વિક સાધ્વી હતી એમાં સંદેહ નહોતો. એના સમાગમથી અને એની

સાથેના સંભાષણથી અમને આનંદ થયો.

સવારે પોતાના નાનાસરખા નિવાસસ્થાનના પ્રાંગણમાં એ પારેવાંને દાણા નાખતી. એ પછી પૂજા માટે પુષ્પો તોડતી. નિત્ય કર્મમાંથી નિવૃત્ત થઈને ભોજન બનાવતી. એ સઘળા સમય દરમિયાન શાંતિથી શિવમગ્ન બનીને ભજનો ગાતી કે ધૂન બોલતી. એનો કંઠ ખૂબ જ મધુર હતો. એ કહેતી કે વાણી છે જ ભગવાનના ગુણાનુવાદ માટે. એના ભક્તિપૂર્ણ સરળ જીવનને જોઈને વૃંદાવનમાં વરસો પહેલાં વસનારી પરમ પ્રેમમયી મીરાંની સ્મૃતિ થઈ આવતી. મીરાંની એ નાનીસરખી આવૃત્તિ હોય એવું લાગ્યા કરતું. વિશુદ્ધ વ્રજમંડળમાં એવી નાની મોટી કેટલી મીરાંઓ રહેતી હશે તે કોણ કહી શકે ?

એક દિવસ એક કાષાયવસ્ત્રધારી સાધુએ અમારી પાસે આવીને કામળાની માગણી કરી. રામકલીએ એને કહ્યું કે કાલે તો એક કપડું અપાવ્યું છે ને સાધુ થઈને સંતોષ રાખવાને બદલે ફરી માગે છે ? સાધુ એ સાંભળીને થોડોક ખિસિયાણો પડી ગયો. એ યમુનાતટ પર વૃક્ષ નીચે પડી રહેતો. રામકલીએ એને માગવાનું મૂકી દઈને ભગવાનમાં વિશ્વાસ રાખીને ભજન કરવાની સલાહ આપી. એ વખતનું એનું સ્વરૂપ જોવા જેવું હતું. સાધુએ એની સલાહ સાંભળીને અસંતોષની અભિવ્યક્તિ કરતાં ચાલવા માંડ્યું.

રામકલીનો સમાગમ સાચેસાચ સુખદ થઈ પડ્યો. એ સમાગમ ચિરસ્મરણીય બનવા સારુ સર્જાયેલો. આજે પણ એ એવો જ તાજો છે. એ એક સાચી સાધ્વી હતી એમાં સંશય નથી. વ્રજમંડળના વિશાળ ઉપવનની એક અનોખી કળાત્મક કમનીય કળી.

**—શ્રીયોગેશ્વરજી**

**(સંતસૌરભ)**

## ॥ ઉત્સવપ્રિયાઃ ખલુ જનાઃ ॥

'સ્વર્ગારોહણ'નાં આંગણે નિત નવા આધ્યાત્મિક ઉત્સવોનું આયોજન થતું રહે છે.

રથયાત્રા પછી આવતું 'ગુરુપૂર્ણિમા' પર્વ એ ભક્ત-સાધકો માટે અનેરું આકર્ષણ ધરાવે છે. 'સ્વર્ગારોહણ'માં તે રીતે પૂ.શ્રી'મા'નાં દર્શનાર્થે આવેલા ભક્તોની ભીડ જામી છે. પૂ.શ્રી'મા' પર્વના પૂર્વદિને કહે છે :—આજે ચોમાસામાં જેમ અચાનક જીવાત વધે તેમ સ્વજનો રાતોરાત વધ્યા, ને જેવી ગુરુપૂનમ પૂર્ણ થશે કે જીવાત મરણ પામશે. (સ્વર્ગારોહણ ખાલી થઈ જશે) એવો દિવસ ક્યારે ઉગશે જીવનમાં ? કે કાયમ માટે તીર્થક્ષેત્ર નિવાસ ! થોડું થોડું ઘર છોડવા માંડો મનથી, તનથી. તો કોઈક જન્મે બધાં જ વળગણો હળવે હળવે છૂટશે. મનથી રોજ મૃત્યુ પામો ને યાદ કરો આપણી અંતિમયાત્રા શરૂ થઈ છે. કોણ કોણ સાથે છે ? તે મનથી જોઈ લો. કોણ કયાં સુધી ચાલ્યા ? જોઈ લો. આપણને આપણાં પ્રિયપાત્રો અગ્નિદાહ માટે જ રોકાશે ને તરત જ છોડશે. પોતાની સ્મશાનયાત્રા પોતે જ મનથી જોઈ લો. 'કોઈ કોઈનું નથી.' એ મંત્ર યાદ કરી લો, ને જપી લો. તપી લો. એક કલાક પછી મૃત્યુ છે એમ માની પોકારી લો.

'ગુરુપૂર્ણિમા' પર્વ બે દિવસનું તા.૨૦,૨૧/૭/૨૦૨૪નું રહેશે તેવું સ્વર્ગારોહણ સેવકવૃંદ તરફથી સૂચિત કરવામાં આવ્યું છે. 'સ્વર્ગારોહણ'માં 'યોગશૈવલ્યમ્' હૉલ તેના નવા રૂપરંગ સાથે સજ્જ હોવાથી આજે (તા.૨૦/૭/૨૪ના રોજ) સે મુખ્ય દાતા રાજકોટના શ્રીશાંતિભાઈ કનેરિયા ગંગાજળ ભરેલા કલશ

સાથે હૉલમાં પૂ.શ્રી'મા'ના પ્રથમ મંગલ પ્રવેશથી પ્રફુલ્લિત છે. શ્રીસ્નેહલભાઈ અને શ્રીરથિ શાસ્ત્રોક્ત શ્લોકગાન કરી રહ્યા છે. હૉલ અંદર અને બહારથી સુશોભિત છે. અંદરની દીવાલ ફરતે ઉપરની બાજુ પૂ.શ્રીયોગેશ્વરજીના જીવનની મહત્ત્વની ઘટનાઓને રજૂ કરતાં ચિત્રો મૂકાયેલાં છે. શ્રીપૂર્ણિમાબહેન અત્યંત ભાવપૂર્વક મધુર કંઠે ધૂન ગવડાવી રહ્યાં છે અને સૌ ભક્તો તે ઝીલી રહ્યાં છે. 'મંગલ વરસે..મંગલ વરસે આજ સ્વર્ગારોહણમાં દૈવી દીપમાળા પ્રગટે આજ સ્વર્ગારોહણમાં જય જય અંબે જય જય અંબે ધૂન લાગી અલખની..' પાંચ વાર 'વરદહસ્ત પ્રભુ તમારો સદાય રહેજો જીવનસહારો'ની પ્રાર્થના સૌ ગાય છે. અદ્ભુત દૈવી વાતાવરણનું સૃજન થાય છે. પૂ.શ્રી'મા' અવર્ણનીય આભાથી મંડિત છે. એમનો એકધારો પ્રેમપ્રવાહ સૌ પર સમાન વરસી રહ્યો છે. પર્વનો પાવનદિન અને સમર્થ સદ્ગુરુનું સાંનિધ્ય જીવ પર શિવની મબલખ કૃપા !! ગજબનો સંગમ સર્જાયો છે. આનંદ ને શાંતિ અર્ણવમાં સ્નાન છે !

પૂ.શ્રી'મા'ની દિવ્ય સંનિધિ આત્મતૃપ્તિ ધરી રહી છે. 'મા'ની સ્લેટમાં પૂ.શ્રીપ્રભુજી શબ્દો ચિત્રિત કરે છે—૧૯૮૪માં દસ રૂમનું વિશ્રામગૃહ બંધાય તેટલી જ જમીન આપણી પાસે હતી. અહીં શ્રીમહેતા સાહેબના પ્રયત્નોથી જે જમીન પર બેઠા છીએ તે મળી હતી. જમીન તો મળી પણ એમાં આ ભવનનું સર્જન કોણ કરી શકે ? શ્રીશાંતિભાઈ શામળિયા શેઠ સજ્જ થઈ ગયા ને તેમણે આ હૉલ બંધાવ્યો. શ્રીશાંતિભાઈ તો 'સર્વમંગલ' ટ્રસ્ટની સ્થાપનાની પહેલી ક્ષણથી પડખે ઊભા છે. સ્થાપનની પહેલી રસીદ ૫૦,૦૦૦/—શ્રીશાંતિભાઈની છે. સર્વમંગલ ટ્રસ્ટના પાયામાં એ પથરાયેલા છે. તો 'સ્વર્ગારોહણ'ની એક

એક ઈંટમાં એમની સેવાની શરણાઈ વાગી રહી છે. શાંતિભાઈ અને સ્વર્ગારોહણ, શાંતિભાઈ અને સર્વમંગલ ટ્રસ્ટ એક જ સિક્કાની બે બાજુ છે. આ થિયેટર જેવા નવસર્જન પામેલા એમના હૉલને જોઈને એમને કેટલો બધો આનંદ થતો હશે ! આપણે એમને બે-પાંચ મિનિટ તો સાંભળવા જ પડે. (સૌ ભક્તો ઉચ્ચ સ્વરે 'ૐ યોગેશ્વરાય નમઃ' ત્રણવાર ગાન કરે છે.)

શ્રીશાંતિકાકા એટલે વિનમ્રતાની મૂર્તિ ! તેઓની શ્રીઠાકુર રામકૃષ્ણદેવ પરની અપાર શ્રદ્ધાભક્તિ અને પૂ.શ્રીયોગેશ્વરજી પ્રભુ પરની અચલ પ્રેમશ્રદ્ધા તેઓની વાણીમાં સરી રહી છે. પુસ્તકો દ્વારા પૂ.શ્રીપ્રભુજીનો પરિચય અને પછી પ્રત્યક્ષ સાંનિધ્યની વાતો તેઓ કરે છે. પ્રભુ પોતે જ શ્રીરામકૃષ્ણદેવ છે તે તેમણે અનુભવ્યું. ઠાકુર જેવા મહાપુરુષને મેળવવાની પ્રબળ ઈચ્છા તેમનાં મનઅંતરે હતી તે પૂ.શ્રીયોગેશ્વરજીને મળતાં જ પૂર્ણ થઈ તેવું તેમણે જણાવ્યું. શાંતિભાઈએ પોતાની સાત્ત્વિક શ્રદ્ધાથી સંકલ્પ કર્યો કે આ મહાપુરુષને મારાં શરીર ને શક્તિ જેમ વાપરવાં હોય તેમ વાપરે. પોતાના વ્યાપારમાં (એન્જિનના) પણ શ્રીપ્રભુજીને મનથી અડધા ભાગીદાર માની લીધા હતા. પ્રભુ પોતે જ ગુરુનાનકદેવ હતા (પૂર્વજન્મમાં) તેવી દ્રઢ આસ્થા શાંતિભાઈને હતી. પંજાબમાં લગભગ ૧૨૦૦૦ એન્જિનનું વેચાણ તેમણે નિર્વિઘ્ને સંપન્ન કર્યું હતું. એક પણ ફરિયાદ વિના ! 'હવે મારી કોઈ ઈચ્છા બાકી નથી. આત્મિક ઉન્નતિ સિવાય કશામાં રસ નથી' તેવું જણાવી પોતાનું વક્તવ્ય પૂર્ણ કરે છે. પૂ.શ્રી'મા' જણાવે છે પાંચ-પંદર હજાર દાન કરીએ ને જ્યાં ત્યાં કહેતા ફરીએ તેવા યુગમાં આ દાનેશ્વરી (શાંતિભાઈ) કેવી નમ્રતા ધરાવે છે ! 'સ્વર્ગારોહણ'ના ઓટલે

બેઠા હોય તો અજાણ્યા સ્વપ્ને પણ ના જાણે કે આ તો આવડા મોટા શેઠ છે ! ઝાડુ લઈને પણ સફાઈ કરે ને પોતાનાં વસ્ત્રો જાતે ધુએ. શેતરંજી પર સૂઈને સાદાઈના પાઠ શીખવે. સંપત્તિ વચ્ચે પણ સમભાવ. અને હરિને સતત સ્મરી હરિનો હિસ્સો વ્યાપારમાંથી કાઢતા રહે. શાંતિભાઈના પિતાનું નામ જ હરિ છે. એટલે હરિ એમની ઉપર-નીચે સર્વત્ર હજાર હાથે વરસે છે. સાચા સાત્ત્વિક લક્ષ્મીનંદનોની હરોળમાં ઊભા રહે તેવા આપણા આ શ્રદ્ધાળુ ભક્ત કેટલી મોટી ઉંમર છતાં 'સ્વર્ગારોહણ' પ્રિય લાગ્યું એટલે હાજર થઈ ગયા. જેમ નારણભાઈ જાની છેલ્લે સુધી હાજર થતા રહ્યા. અમે તો ઘણીવાર જાહેરમાં કહ્યું; 'ચાલો કાકાને અંતિમ વિદાય આપીને, ફૂલ આપીને વંદન કરી લઈએ.' એ નારાયણભાઈ જાની પણ ખૂબ નમ્ર અને સમજુ એટલે હસતા હસતા 'મા'ની રમૂજ વધાવતા રહે. આ ધરતી પર બાલુભાઈ અને વિમળાબહેને વર્ષો સુધી ધૂણી ધખાવી સેવાની. એ ખૂબ કપરો કાળ હતો. બાલુભાઈની શ્રદ્ધા જ અહીં આ ધરતી પર ટકી ગઈ. આ 'સ્વર્ગારોહણ'ને પણ ઘણા સૂત્રધારો મળ્યા. દેસાઈ સાહેબ, વિઠ્ઠલભાઈ, રથીના દાદાજી અને વિનુભાઈ અમીન. એવા તો કંઈ કેટલાય આવીને આ વિશ્રામગૃહને સંભાળતા રહ્યા. એ સર્વની સેવાને આપણે તો વંદન જ કરવા પડે. ત્રણ મંત્રથી વધાવી લઈએ. 'ૐ યોગેશ્વરાય નમઃ' આજે આપણે તો શ્રીગંગાજીનાં શ્રીઅંકે પૂ.શ્રીનાં દર્શન કરી રહ્યાં છીએ. (નવી સ્ક્રીન પર) આ હૉલ એમની હાજરીથી આશીર્વાદ પામ્યો છે આ હૉલની કાયાપલટને ઘણો સમય લાગ્યો છે. જેટલી સુવિધા વધે છે તેટલા ભક્તો ઘટે છે. તેનું શું ? આ તો જમીનમાં બીજ નાખ્યું છે. નવી નવી સુવિધા ઊભી કરી છે. કોઈક વર્ષે તો વૃક્ષ થશે !

આ કુટિયાની કાયાપલટમાં પણ કેટકેટલા ફેરફાર ! આજે વળી અંકુરભાઈ ને નિલેશભાઈ દૈવીપ્રકાશ ધરતો ઓમકાર એ મૂકી શક્યા છે. (કુટિયાની ટોચે) જેને જેને 'સ્વર્ગારોહણ' પોતાનું લાગે તેને તેને સજાવવાનું મન થાય. બાકીના સૌ મહેમાનની જેમ આવે ને જાય. સાચા સ્વજનોને આ ધરતીનો કણ કણ પ્યારો લાગે. ગુરુપૂર્ણિમાના પર્વે રથીભાઈએ પ્રભુને સરસ પ્રસાદ ધરવાનો સંકલ્પ કર્યો છે. લાડુનો નહિ, સુખડીનો નહિ, હે મા ! દર મહિને ચાર નિર્જળાવ્રત પ્રભુને અર્પણ કરું છું. આશીર્વાદ આપો. ૧૨ મહિનામાં ૪ એટલે ૪૮ ને વત્તા ૩ બીજા એટલે ૫૧ નિર્જળાવ્રત ગુરુપૂર્ણિમા પર્વ પર પ્રભુને અર્પણ કરવાની ઈચ્છા છે. ઉગતી યુવાનીમાં રથીભાઈના સાત્ત્વિક સંકલ્પને જોઈને આપણે પણ બેસી નથી રહેવાનું. (ત્રણ મંત્રગાનથી વધાવાય છે.)

આવતીકાલનું પર્વ જાગતા રહીને નવા નવા શણગાર સજાવવા માટેનું છે. આ હૉલે કેવા શણગાર સજ્યા ! આજે તો આપણે પણ જીવનને શણગારીએ. ચણિયાચોળી કે લાલી લીપસ્ટીકથી નહિ પણ જપ, તપ, વ્રતથી સજાવી લઈએ. આ શાંતિભાઈએ જીવન સજાવી ધન્ય કરી દીધું. આપણે પણ કંઈક કરી લઈએ. સંપત્તિ શ્રીહરિની, સંપત્તિ શ્રીઠાકુરની, સંપત્તિ શ્રીપ્રભુની મહાત્માજીની. કેવો ભગવદ્‌ભાવ !!

શાંતિભાઈના જીવનમાંથી ઘણા પાઠ શીખી લઈએ. વર્ષો સુધી એમના ફોટામાં તેઓ 'સ્વર્ગારોહણ'ના ઓટલે ઊભા છે. હવે ઉંમર થઈ એટલે રૂમમાં બેઠા છે. વર્ષો સુધી ઊભા રહેલા હૉલમાં પૂ.શ્રી આજે બેઠા છે. [પહેલાં હૉલમાં શ્રીપ્રભુજીનું ઊભું સ્વરૂપ પ્રતિષ્ઠિત હતું. અત્યારે હૉલના મંદિરમાં શ્રીપ્રભુજીનું

નવું સુખાસનમાં સ્થિત સ્વરૂપ મૂકાયું છે.]

શ્રીહેમલભાઈ 'સોનેરી સંધ્યા'ના શીર્ષક હેઠળ સુંદર વીડિયોદર્શન મોટા સ્ક્રીન પર કરાવે છે. પૂ.શ્રીપ્રભુજીની જુદી જુદી મુદ્રાઓનાં અદ્‌ભુત દર્શન તેમાં ગાન સાથે થઈ રહ્યાં છે. દર્શન સાથે પૂ.શ્રીપ્રભુજીનાં સ્વરચિત પદોનું ગાન હૃદયસ્પર્શી છે.

• 'જેણે તારો હાથ છે ઝાલ્યો, જેને તારો એક સહારો
તેને તેને આંગળી આપી દોર્યા વિના ચાલશે ના...
પ્રેમ કર્યા વિના ચાલશે ના...'

• 'આ જીવનના પુણ્ય પ્રવાસે, એકલ આવી એકલ જાવું
અંતરની વીણાપર નિશદિન ગીત સનાતન એકલ ગાવું.'

તે પછી બીજી DVD દર્શાવાય છે જેમાં પૂ.શ્રી'મા'ની આરોગ્યયાત્રાનું (વ્યાયામ-યોગ) દર્શન છે. જે સુંદર, આકર્ષક અને પ્રેરણાદાયી છે. પૂ.શ્રી'મા'ની ૭૭ વર્ષની ઉંમરે કરાતા વ્યાયામનું તે દર્શન નવાઈ પમાડે તેવું છે. સત્સંગ બેઠકને ઘણો લાંબો સમય પસાર થઈ ગયો હોવાથી પૂ.શ્રી'મા' લખે છે-આ 'મા' ૭૭ વર્ષે જે વ્યાયામ કરે તે જોઈ જોઈને થાક લાગ્યો ને ભૂખ પણ લાગી હશે ? (બધા ના. ના. કહે છે.) 'મા' કહે ભૂખ તો લાગે જ ને ! અમને પણ લાગે ને તમને પણ લાગે. પશુને પણ લાગે ને પક્ષીઓને પણ લાગે જ. એટલે જે સાચું હોય તે કહી દેવું.

ભૂખ લાગી છે અમને પણ. અર્પિતાબહેનની ખટમીઠી વાતો સાંભળવાની. આંખને પણ ભૂખ લાગે પ્રભુના દર્શનની, કાનને પણ ભૂખ લાગે સત્સંગ સાંભળવવાની, પગને પણ ભૂખ લાગે 'સ્વર્ગારોહણ' દોડી આવવાની, હાથને પણ ભૂખ લાગે સત્કર્મ

કરવાની. ભૂખના અનેક પ્રકાર. તમને કઈ ભૂખ લાગી છે ?

શ્રીઅર્પિતાબહેનને પૂ.શ્રી'મા' વક્તવ્ય માટે ઊભા થવાનું સૂચન કરે છે. તેઓ પોતાની વાતમાં જણાવે છે કે પૂ.શ્રી'મા' 'પ્રભુજીના આદર્શનો જીવનગ્રંથ' છે ગુરુભક્તિનું સર્વોત્તમ શિખર છે. પૂ.શ્રી'મા' એટલે 'પૂ.શ્રીપ્રભુજીની સાધનાની ફલશ્રુતિ' પ્રભુજીએ આકરી તપશ્ચર્યા કરીને આપણા માટે પૂ.શ્રી'મા'નું અવતરણ શક્ય બનાવ્યું. અર્પિતાબહેને પૂ.શ્રી'મા-પ્રભુ' પ્રત્યેની અનન્ય શ્રદ્ધાભક્તિથી પ્રેરાઈને ખૂબ ભાવપૂર્વક પૂ.શ્રી'મા' અને પૂ.'શ્રી'ના વિશિષ્ટ ગુણો તેમજ ઐક્યનો તુલનાત્મક અભ્યાસ પોતાની વિનમ્રતાથી વર્ણવ્યો. [પુરુષ-પ્રકૃતિ, શિવ-આદિશક્તિ, મન-વૃત્તિ, વિચાર-અભિવ્યક્તિ, આદર્શ-અમલ વગેરે.]

પૂ.શ્રી'મા' લખે છે-પૂ.શ્રી સાથે તુલના ના થાય. ક્યાં પૂ.શ્રી ને ક્યાં આપણે ? પણ સરસ અભ્યાસ સાથે તુલના કરી બતાવી. અર્પિતાબહેન વર્ષોથી માઈક્રોસ્કોપીક આંખથી (ખૂબ ઝીણવટપૂર્વક) 'મા'ને જોયા કરે છે. માણ્યા કરે છે. માપ્યા કરે છે. આજે ખૂબ સરસ ભાષામાં એમણે ખૂબ સરસ રજૂઆત કરી છે. અમને તો ગમી. સરળતાથી સૌનાં મનઅંતરમાં અમૃત ઊતરતું ગયું.

બપોરે ત્રણ વાગે શ્રીયોગતીર્થની વંદના બાદ નવીનીકરણ પામેલા હૉલમાં હરિરસની હેલી વરસે છે. શ્રીરૂચિતભાઈ આણિ મંડળીએ (પૂર્ણિમાબહેન, નિલેશભાઈ, મિનલબેન, દેવાંગભાઈ, સુકૃતિબહેન, કૃપાબહેન, સ્નેહલભાઈ, રથીભાઈ વગેરે.) બહુ રસપૂર્ણ ધૂન, પદ, ભજન, ગીતની પ્રસ્તુતિ કરી.

- 'હરિ આનંદમય જય નારાયણા
  વસુદેવનંદન, રાધાજીવન પરમાનંદ માધવા'
- 'શ્રી યોગેશ્વર પ્રભુ તમોને નમું નમું નમું નમું
  'મા' સર્વેશ્વરી માત તમોને નમું નમું નમું નમું'
- 'જય જય ભવાની 'મા' અંબે ભવાની 'મા'
  સર્વેશ્વરી જગદંબે ભવાની 'મા''

ત્યારબાદ શ્રીદેવાંગભાઈ પોટોરિકા (અમેરિકા)ની એક દિવસની નોંધ 'શ્રીહરિની શબ્દયાત્રા'માંથી વાંચી સંભળાવે છે. તેઓની વાચનશૈલી અદ્‌ભુત હોવાથી સૌનાં હૃદયને ભાવવિભોર કરી દીધાં.

પૂ.શ્રી'મા' રચિત પદો ગવાય છે :

- 'પરછાંઈ બન્યો છું હું
  પકડાય તો પકડજે તું
  સાવધ બની સુણજે તું
  જોવાનું જોજે તું'
- 'પરમસખા બની પડખે ઊભો છું
  વારે વારે કહું છું સ્મરી લે મને તું'
- 'મારે માથે છે સમર્થ છાંય રે
  જેણે મટાડી સઘળી છાંય રે'
- 'સખી જોને યોગેશ્વર સ્વર્ગ સર્જ્યું
  સર્વેશ્વરીને હૈયે ઠર્યું.'
- 'મને મળ્યા છે સદ્‌ગુરુ શ્યામ રે
  બન્યા પ્રશ્નોનું પૂર્ણવિરામ.'

- ‘મારા જીવનમાં આવ, મને મળવા તો આવ,
  સાથે મળી સત્કર્મની મોજને માણવા આવ.’
- ‘અમારાં જ્યાં પડે પગલાં, તમે ત્યાં પ્રાણ પૂરો છો.
  હજારો હાથથી રક્ષા કરીને સાથ આપો છો.’
- ‘જે કો ગુરુના ચરણે નમતા
  ઝુમઝુમ કરતાં સુખ ત્યાં ઠરતા’
- ‘વાદળ નભની પાર આજે જાઓ
  વરસાવી રસધાર વેગે જાઓ જાઓ’
- ‘મળવા મુજને સૌ કોઈ આવે,
  ના તું આવે શા કાજે ?’

શ્રી દેવાંગભાઈ અતિ વિનમ્રતાપૂર્વક પૂ.શ્રી‘મા’ને આજે આશીર્વચન આપવા વિનંતી કરે છે, તો પૂ.શ્રી‘મા’ કહે છે, આશીર્વચન આપનારા તો આ સામે જ બિરાજ્યા છે. (પ્રભુજીનાં સ્વરૂપ તરફ નિર્દેશ કરતાં) જે જેટલું જીવંત માને તેને તેટલું મળે. આ મહાપુરુષને ગુરુપદે સ્થાપીને આ જીવન કેવું ધન્ય થયું. તે આપણે સૌ ઉઘાડી આંખે જોઈ રહ્યાં છીએ. અમને પણ અચરજ છે અમારા જીવન માટે ! કયાં હતાં ? ને ક્યાં ચઢી ચૂક્યાં ? બસ દૈવી મસ્તીમાં જીવન વીતે છે. સમર્થનું શરણ પર્યાપ્ત છે. બીજા કોઈ દ્વારે ભીખ માગવાની જરૂર ના પડી કે આશીર્વાદ આપો ને દર્દને દફનાવો. એક જ શરણ, એક જ મંત્ર, એક જ ગુરુ. સઘળું ત્યાં જ મળી જાય સહજ રીતે. અનુભૂતિના ઓડકાર ખાતાં ખાતાં અહીં તો પરમઆનંદ છે. પ્રાર્થના સઘળી સંભળાતી રહે છે. અરે ! પ્રાર્થના પણ કરવી

નથી પડતી. આપોઆપ બધું વરસતું રહે છે. સામાન્ય વાત છે કે બે કેળાં હોય ને તે પ્રેમથી અપાઈ જાય તો બાર કેળાં બીજી ક્ષણે હાજર થઈ જાય છે. આસપાસના સૌ નોંધતાં રહે છે. તે યાદ રાખીને સદ્‌ગુરુનાં શ્રીચરણે ઝુકતા રહેવાનું છે. બસ આનંદ છે.

શ્રીદેવાંગભાઈ ઉત્સાહથી ગાઈ ઊઠે છે—

(પૂ.શ્રી'મા'નું પદ છે)

• 'અમે તો આનંદલોકમાં રહીએ,
  આનંદ ઔષધ જીવી લઈએ...'

રાત્રિની બેઠકમાં ચાર નવયુવાનો (રાજીવભાઈ, અશ્વિનભાઈ, રથીભાઈ) જે કારગીલની વંદનયાત્રા કરી આવ્યા છે તેઓ પોતાની યાત્રા દરમિયાનની સ્વાનુભૂતિઓની વાતો કરે છે તેમજ દેશ-સૈન્ય-સૈનિક-સમર્પણ-સેવાનું મહત્ત્વ પ્રગટ કરે છે. પૂનામાં ઘાયલ સૈનિકોની સબસીડરી સંસ્થા છે ત્યાં જઈ 'સ્વર્ગારોહણ'નાં ૨૫ યુવાનોએ સત્કર્મ કર્યું તેની વાતો અને માહિતી આપે છે. અને બલિદાની દેશભક્ત સૈનિકોની વિશેષતાઓની ચર્ચા કરતાં પુનઃ પુનઃ તેઓનું સ્મરણ કરી મનથી વંદન કરે છે.

શ્રીહેમલભાઈ ગુરુપૂજનનું સુંદર DVD દર્શન કરાવે છે. રાત્રિની પ્રાર્થના 'વંદન કરું પ્રભુ ચરણોમાં આજે' ગાઈ નવમંત્રગાન કરી સહુ છૂટા પડે છે. જપયાત્રા પૂર્ણ કરી વિરામ.

**—સંકલન**

# ।। અઢળક ઢળિયો શામળિયો ।।

વ્યાસપૂર્ણિમા-ગુરુપૂર્ણિમાનું પર્વ ભક્તોની આસ્થાનું વિશેષ પર્વ ગણાય છે. ગુરુના શ્રીચરણોમાં મસ્તક નમાવી હૃદયકમળને અર્પણ કરી શિષ્ય ધન્યતાનો અનુભવે છે. સ્વયં ખાલી થઈ કૃપાથી ભરાઈ જવાની મનસા ભક્ત સેવે છે. પરમગુરુની સંનિધિ, આશિષ અને સ્નેહ સદ્‌શિષ્યના તારણહાર બને છે. ગુરુ જ ચિંતામણિ છે. જીવનરથના એક માત્ર સાચા સારથિ છે. અભય છે. વરદાન છે અને સાથી પણ તે જ છે એવી એકનિષ્ઠ શ્રદ્ધાભક્તિ ભક્તને સ્વર્ગારોહણ કરાવે છે. સમર્થ ગુરુપ્રભુમાં અવ્યભિચારિણી ભક્તિ જીવનમુક્તિના અધિકારી પણ બનાવી શકે છે !

'સ્વર્ગારોહણ'માં આજના પાવનદિને પ્રાતઃકાળે ધ્યાન, વંદના, પ્રણામ, પ્રાર્થના પછી શ્રીપ્રભુજીની પાલખીયાત્રાનું આયોજન થાય છે. યોગતીર્થમાંથી શ્રીપ્રભુજીની પાદુકાને લાવી પાલખીમાં વિરાજિત કરાય છે. સાથે કેવટપ્રસંગનું (રામચરિત માનસ) સુંદર સ્વરૂપ પણ સ્થાપિત છે. પાલખીની આજુબાજુ દસ-દસ ભાઈ-બહેનો રામ લક્ષ્મણ સીતાજી અને નાવિકનું, કેવટપ્રસંગનું સુંદર સ્વરૂપ લઈ ઊભા છે. પૂ.શ્રીભીખીબા અને પૂ.શ્રીબાપુજી (કાલીદાસ બાપુજી)નું સ્વરૂપ પણ હાથમાં લઈ ભક્તો સંકીર્તન કરતા પંચદેવની કુટિયાની પરિક્રમા કરી સ્વરૂપો અને પૂ.શ્રીપ્રભુજીની પાલખી ફરતે બાવનીમાં ગરબા કરતાં કરતાં 'યોગશૈવલ્યમ્' હૉલમાં બિરાજમાન કરાવાય છે.

પૂ.શ્રી'મા' હૉલમાં પધારે છે. શ્રીચંદ્રકાન્તભાઈ(બોસ્ટન) પુષ્પહાર શ્રીપ્રભુજી અને પૂ.શ્રી'મા'ને અર્પણ કરે છે.

પૂ.શ્રી'મા' લખે છે-આજે ગુરુપૂર્ણિમાનું પવિત્ર પર્વ છે. આપણે આજે સાથે મળીને વરદહસ્ત ગાઈએ. વરદહસ્ત ગાતાં પહેલાં ઊભા થઈને પાંચ પ્રણામ કરીએ. પ્રણામથી જીવનના દરેક અંધકારના પડદા દૂર થતા જાય છે. અને પડદા દૂર થતાં જ પરમાત્મા મળી જાય છે. કોને કોને પરમાત્મા જોઈએ છે ? તમે બધાં સાંજે મારે ઘર જોઈએ છે. મારે સંસાર જોઈએ છે. એવા મંત્ર જપતા જપતા ભાગી જશો. આપણે પ્રભુને પ્રાર્થના કરીએ કે અમારા અંધારપડળ પ્રણામ અને પ્રાર્થનાથી દૂર કરો. પડદા ઓથે આપનું દર્શન આપો. કેવટની કેવી ભક્તિ કે પ્રભુનાં ચરણ પક્ષાલન કરી ભવપાર થઈ ગયા. શબરીની કેવી ભક્તિ ! વર્ષોથી પ્રતીક્ષા હતી તો સામે ચાલીને શબરીને દ્વાર શ્રીરામ પધાર્યા. શબરી તેમજ કેવટ પ્રસંગ ગાવાનું પણ આજે એક કારણ છે. એ બન્ને પાત્રોની પ્રેમભક્તિ માગવાની છે. શબરીએ સર્વભક્તિના ફળસ્વરૂપ પ્રભુદર્શન મેળવ્યું. ને પ્રભુદર્શન પછી યોગાગ્નિથી દેહ ત્યાગ કરી દીધો. માગવા જેવાં છે. પ્રેમ ને ભક્તિ આપણામાં આપણા સદ્‌ગુરુ પ્રત્યેનાં પ્રેમ ને ભક્તિ. તે માટે પ્રભુને પ્રસન્ન કરવા પડે. પ્રણામથી, પ્રાર્થનાથી. '<u>સાદ કરો તો સામે ને પોકારો તો પડખે.</u>' (તો આજે ૧૦૮વાર સાદ પાડવો છે ? ૧૦૮વાર સાદ પાડો ને પ્રભુ જેને જેને મળી જાય તે અમને સૌને જણાવજો. ત્યાં સુધી ૧૦૮વાર 'ૐ યોગેશ્વરાય નમઃ' મંત્રની બૂમ શરૂ કરીએ.)

પૂ. 'મા' કહે છે—ઓટલેથી બૂમ પાડો તો ઘરનું બાળક રમતું હોય તે ઘરમાં પાછુ આવી જાય. એવી બૂમ પાડવાની શરૂ કરો. (અમારા મંજુલાબહેન જ્યાં હોય ત્યાંથી આ બૂમ સાંભળી હાજર થાવ.) આપણે પ્રભુને બૂમ પાડીશું. ('ૐ યોગેશ્વરાય નમઃ'

મોટેથી બોલાય છે અને ધૂન ગવાય છે.) તે સાથે હૉલમાં પડદાઓથે રહેલું અતિસુંદર પ્રભુજી, શ્રીકૃષ્ણ પૂ.શ્રીમાતાજી, પૂ.શ્રી'મા' તેમજ 'પ્રકાશના પંથે' ગ્રંથદેવ એક મોટી કલાત્મક સુંદર નાવમાં વિરાજિત છે તેવું સ્વરૂપ દર્શનાર્થે ખૂલ્લું મૂકાય છે. સ્વરૂપ પરથી રિમોટની મદદથી પડદો દૂર થાય છે અને આકર્ષક મંદિરનું અદ્‌ભુત દર્શન કરી સૌ ધન્યતા અનુભવે છે.

પૂ.શ્રી'મા' ભક્તવૃંદને પૂછે છે આ દર્શન કેવું લાગ્યું ? પ્રભુનું આ નવું દર્શન જે બે કલાકારોએ તૈયાર કર્યું તેમને સાંભળવા છે આપણે ? (હા)

આ સ્વરૂપ તૈયાર કરવા માટે ઘણું મોટું અનુદાન જેણે આપ્યું તેને સાંભળવા છે ? (હા) તો હે મંજુલાબહેન ! ફરી પ્રગટ થાવ. શ્રીમંજુલાબહેનની સાત્ત્વિક સંપત્તિનો આ પ્રસાદ છે. આ વર્ષે વારે વારે એમનાં મનઅંતરે થતું હતું કે કંઈક સત્કર્મ કરવું છે. 'મા' એ આંગળી ચીંધી ને તે પવિત્ર લક્ષ્મી અહીં મંદિરરૂપે પથરાઈ.

શ્રીમંજુલાબહેન વિનમ્રતાપૂર્વક પોતાના ભાવોને રજૂ કરતાં જણાવે છે કે આ તો બધી પૂ.શ્રી'મા'ની કૃપાની આ રીત છે. 'તેરા તુજકો અર્પણ કયા લાગે મેરા ?' મેં તો નોકરી મૂકી દીધે ઘણાં વર્ષો થયાં. વગર નોકરીએ મારા કબાટ ભરાયાં. તો એ લક્ષ્મી ગુરુદ્વારે વપરાય તેવી ઈચ્છા હતી. પ્રભુજીને પ્રાર્થના કરી. સત્કર્મ તરફ મન જવા લાગ્યું. પૂ.શ્રી'મા'ને વાત કરી. તેમણે જે માર્ગદર્શન આપ્યું તે પ્રમાણે કરાયું. મને તક આપી તે એમની અનંતકૃપા છે. પૂ.શ્રી'મા'—બીજી તક નથી જોઈતી ? <u>જીવનમાં દરેક સાત્ત્વિક સેવાની તકને તત્ક્ષણ ઝીલતા રહો.</u> હે મંજુલાબહેન ઝીલતાં રહો, જીવતાં રહો. (પૂ.શ્રી'મા' તેમને

રક્ષાકવચ સમી રક્ષમામ્‌ની સાલ ઓઢાડી આશિષ ધરે છે.)

પૂ.શ્રી'મા' કહે છે આપણે પહેલાં તો પ્રભુને જ પ્રાર્થના કરવી પડે. આજે અહીં વિરાજ્યા છે તો શાંતિથી, હાથ જોડી પ્રાર્થના કરવી પડે. પર્વને દિવસે પાડેલા પોકાર તરત જ ફળે છે. પાંચ પ્રણામ ને દસ-અગિયાર બૂમથી પડદા ઉઘડી ગયા ! તો હવે પ્રાર્થના કરી લઈએ. (સૌ હાથ જોડી પ્રાર્થના કરતાં ગાય છે- 'ગુરુદેવ પ્રભુ નમું છું સદાયે સ્નેહથી નમું છું પ્રભાતે પ્રેમથી..')

પૂ.શ્રીનાં પ્રથમ દર્શન પછી થોડાંક વર્ષોમાં આ પ્રાર્થના લખાયેલી. એમાં જે જે માગણી કરેલી તે તે બધી આજે તો સંભળાઈ ને પૂર્ણ કરી. આ બાજુમાં બેઠેલી હે સખીઓ 'મા'ની વાત સમજાય છે ? તો આ 'મા'ના જીવનમાં પૂ.શ્રી કેવા પથરાયેલા છે ? તે તમારામાંથી એક સખી અર્પિતાબહેને સરસ રીતે સમજાવી દીધું. હે સખીઓ ! ધ્યાનથી સાંભળો. ઘર, ધંધા મૂકીને આવ્યા છો તો ધ્યાનથી સાંભળો.

સખી જોને સદ્‌ગુરુદેવ પધાર્યા
સૂની પરસાળે પથરાયા...સખી જોને...
વિષયવનના દાવાનળમાં
હિમશિલારૂપ ધાર્યા.
પુરુષાર્થનાં પાવન પગલાં
સાથે રહીને પડાવ્યાં.
વનવગડાનાં પિપૂડા પાસે ૐકાર ઘૂંટાવ્યા
કાષ્ટને તો કંચન બનાવ્યા.
હરિના મુગુટે જડાવ્યાં...સખી જોને...
તિરાડથી ત્રિલોક ઉઘાડ્યા,

દેવોનાં દર્શન કરાવ્યાં.

ક્યાં હતાં ? ને ક્યાં પહોંચાડ્યાં ?

ગુરુ સ્વરૂપમાં સમાવ્યાં...સખી જો ને...

પૂ.શ્રી'મા'–'સ્વર્ગારોહણ'માં આજે પ્રભુ પધાર્યા તો સૌને આનંદ છે. પણ પ્રભુને પધારવા આસન તો સજાવવું પડે. એ આસન સજાવનાર કલાકારને મળીએ. શ્રીમયૂરભાઈ (અમદાવાદના) કલાકાર છે. ને વિશેષ કૃપાથી ઘણી બધી વિશેષતા સાથે જીવન જીવી રહ્યા છે. આ સ્વરૂપકલ્પના (મંદિરની) પૂ.શ્રીએ 'મા'ના મનઅંતરે પ્રગટાવી પણ આકાર કરવાનું કામ મયૂરભાઈ અને જીતુભાઈએ કર્યું. ઘણાં બધાં સૅમ્પલ ને ઘણી બધી નૌકાનાં ચિત્રો તેમણે તૈયાર કર્યાં. છેવટે આ પાસ થયું. (હૉલમાં ચિત્રિત કરાયું છે તે) એના ઈતિહાસ, ભૂગોળ આપણે મયૂરભાઈ પાસેથી સાંભળીએ.

શ્રીમયૂરભાઈ પોતાનો ટૂંકમાં પરિચય આપી કાર્યની વાત કરે છે. એનીમેશન ફિલ્ડ તેમનું બૅકગ્રાઉન્ડ છે. વિઝિટીંગ ફેકલ્ટી તરીકે જુદી જુદી કૉલેજોમાં સેવા આપે છે. શ્રીઅશ્વિન કાકા શ્રીમયૂરભાઈને રક્ષમામ્‌ની શાલ અર્પણ કરી અભિવાદન કરે છે અને શ્રીમોક્ષ દેસાઈ શ્રીજીતુભાઈને રક્ષમામ્‌ની શાલ ઓઢાડી સન્માને છે. શ્રીજીતુભાઈ ભાવવશ મોક્ષને પ્રતિપ્રણામ કરે છે તો પૂ.શ્રી'મા' મોક્ષ માટે કહે છે તે સાચો ભૂદેવ છે. જનોઈ રાખે છે ને માથે શિખા(ચોટલી) પણ રાખે છે. એટલે તમે જે પ્રણામ કર્યા તે યોગ્ય છે.

શ્રીજીતુભાઈ પણ પોતાનો ટૂંક પરિચય આપી કાર્યવિગતની વાત કરે છે ને કહે છે પૂ.શ્રી'મા'ની અંદર બિરાજમાન પરમાત્માને હું પ્રણામ કરું છું. ખૂબ પ્રાર્થના કરી આ સ્વરૂપ

(ચિત્ર) બનાવ્યું છે. (મંદિરનું) પૂ.'મા'ની કૃપાથી પ્રભુનું સ્વરૂપ સર્જન કરવાની તક મળી તેના પ્રણામ. ધન્યવાદ. પૂ.શ્રી'મા' કહે છે—સતત ડોક ઊંચી રાખીને કામ કરવું કેવું અઘરું છે. છતાં ૪૮ કલાક સતત મથામણ. પરસેવાનું એક એક બિંદુ આ કલાકૃતિમાં સંતાયેલું છે. જ્યાં જ્યાં કલા છે ત્યાં ત્યાં પરમાત્માનો નિવાસ છે. માટે ફરી આપણે ત્રણ મંત્રથી વધાવીએ બન્ને કલાકારોને.

ગુરુપૂર્ણિમા પર્વનો મહિમા સ્પષ્ટ કરતું પ્રભુજીનું વ્યાખ્યાન મૂકવામાં આવે છે. પ્રભુજી કહે છે આ પર્વ મહર્ષિ વ્યાસનો જન્મદિવસ છે. ગુરુ ઘણી બધી રીતે પ્રેરણા પૂરી પાડે છે. વેદો કહે છે આત્મા જ ગુરુ છે. અંદરથી આત્મવૃત્તિથી પ્રેરાઈ ગ્રહણશીલ બનો. આત્માને ગુરુ કરો. મુશ્કેલી પડે તો બહારના ગુરુ કરો. પ્રભુમાં ગુરુભાવ રાખો. ગુરુ એટલે ભારેખમ નહિ હલકા, નમ્ર. અંધકારમાંથી જે પ્રકાશ તરફ લઈ જાય છે. તે જપ કરો. સદ્ગ્રંથો વાંચવા નિર્ણય કરો. ધ્યાનમાં નિયમિત બેસવા સંકલ્પ કરો. જીવન બહુ ટૂંકું છે. બહુમૂલ્ય કંઈ મેળવવું હોય તો પ્રમાદનો ત્યાગ કરો વગેરે.

પંદર ઑગસ્ટે પ્રકાશિત થનાર 'લીલામૃત'ના ભાગની એક ઝલક (ચાલીસેક મિનિટની) DVD સ્વરૂપમાં દર્શાવાય છે. ભારે પરિશ્રમ અને અનન્ય શ્રદ્ધાભક્તિપૂર્વક આ અદ્ભુત DVD તૈયાર કરાઈ છે. પૂ.શ્રી'મા'નું ગાન સહિતનું દર્શન તેમજ મંત્રમુગ્ધ કરી દેતી મધુરવાણી પૂરા દેહમાં શક્તિનો સંચાર કરી દે છે. લીલામૃતના રસમાં જીવ એકરસતા અનુભવે છે.

પૂ.શ્રી'મા' જણાવે છે કે આ 'લીલામૃત' પાછળ અમારા શ્રીમિકુલભાઈની પણ મહેનત છે. લીલામૃત ઝીલનારી મંડળી

અને સંગીત (બેગ્રાઉન્ડ) વિવિધ સંગીતકારને શોધીને પોતાનાં સ્ટુડિયોમાં દિવસો, મહિના, વર્ષો સુધી (આ કાર્ય પાંચ-સાત વર્ષથી) સતત કામ કરી રહ્યા છે. ગુજરાતીમાં સાથે લખાય છે (લખાણ) તે અને અંગ્રેજીમાં પણ લખાય છે એ અર્પિતાબહેનના પિતાજી શ્રીમુકેશભાઈએ ટાઈપ કર્યું છે. એટલે લીલામૃત પાછળ ઘણી મોટી મંડળી છે. મિકુલભાઈ એની વાતો બપોરની બેઠકમાં કરશે. જુઓ 'મા'ની આજની સવાર ચાર વાગે શરૂ થઈ. આજે નિર્જળા છે. તમે ના માનો પણ આજે ૮૧ વર્ષે ૪૦૦ દંડવત્ પ્રણામ થયા છે. તમારી સંખ્યા ખૂબ હતી. તમે ઉઘાડી આંખે જોયું છે કે 'મા'ના પ્રણામ ચાલુ હતા. (સવારે) ૬.૧૫ (મિનિટ) થી ચાલુ થતા વચ્ચે બે વાર તમારી વચ્ચે આવવાનું બન્યું. ધ્યાન વખતે અને વંદનામાં. એટલે તમારે જેમ ભૂખનું દુઃખ છે તેમ અમારે પણ સમયનું દુઃખ છે. સદ્‌ગુરુનાં વિવિધ કાર્યો લીલામૃતનાં રાગમાં ૧૯૮૮માં લખાયેલા છે.

'સર્વેશ્વરી છે યોગેશ્વરની ગાવડી
જ્યાં દોરે ત્યાં પાછળ પગલાં પાડતી
યોગેશ્વરમાં અલખનિરંજન ભાળતી
સર્વ સ્નેહને શ્રી ચરણોમાં વાળતી'

*

અમૃતના ઓડકાર શાને સખી રે !
સ્વાદને વીરલા માણે રે...(શ્રીદેવાંગભાઈ ગાય છે.)

પૂ.શ્રી'મા' કહે છે-આ તો એક વાનગીનું સૅમ્પલ ચખાડ્યું. આપણાં શ્રીતરલાબહેન પણ પધાર્યાં છે. તેમને પણ બપોરની

બેઠકમાં સાંભળીશું.

દરેકના જીવનમાં નિદ્રાદેવી સૌને વરવા ૨૪ કલાક સજ્જ હોય છે. એ પાત્રતા જોતી નથી પણ સાધકથી ડરતી રહે છે. આ નવું મંદિર અમને તો ખૂબ ગમ્યું. કે બદલવું છે ? હેમલભાઈ તમારા સાચા હિતેચ્છુ છે. 'મા'ને કહેતા હતા આ મંદિરનો હું સરસ ફોટો પાડું ને બધાને ઘરે પ્રતીક તરીકે મૂકીએ.

પૂર્ણિમાબહેનના મોટાભાઈને અકસ્માત થયો છે. હૉસ્પિટલમાં છે ને બેહોશ છે. આપણી ફરજ છે પ્રાર્થના કરવાની. તો વરદહસ્તની પ્રાર્થના એ ભાઈને સહાયક થશે. 'પ્રૂફ ઑફ હેવન' (સ્વર્ગ હોવાનો પુરાવો) એ પુસ્તકમાં ન્યૂરોજિકલ ને કોમાની વાત ચાલે છે. એક ડૉક્ટર કોમામાં હતા. દિવસો સુધી કોમામાં રહ્યા. કોમામાંથી દિવસો પછી બહાર આવ્યા ત્યારે જે વાતો કરી એમણે તે જાણવા જેવી છે. એમાં એ ડૉક્ટર જાગ્યા પછી પેલી અજાણી જગ્યાની વાત કરે છે. અજાણી નર્સની પ્રાર્થનાની વાત. (અર્પિતા તે નૉવેલ વિશે વાત કરે છે.) જે જે પ્રાર્થના કરતા હતા તેમાં પેલી અજાણી નર્સ ઊભી હતી. તેને એમણે ઓળખીને કહ્યું કે મને બેહોશીમાં તારી પ્રાર્થના સંભળાતી હતી. હું જાણું છું. બેહોશ ચિન્મય માટે કેટકેટલી પ્રાર્થના કરી ને દોડતો થઈ ગયો. એટલે પ્રાર્થના કરવાની ફરજ આપણે પૂર્ણ કરીને હવે બેઠક શરૂ કરીએ. આજે નાવિકનાં સ્વરૂપો જેમણે હાથમાં લીધા તેમને તે સ્વરૂપો પંદર ઑગસ્ટે મળશે. આવશે તે જ પામશે. AC પાસે આવે તે જ ઠંડક પામે. મંદિરમાં આવે તે જ પ્રસાદ પામે. એ નિયમ જ છે. એટલે સ્વરૂપો પંદર ઑગસ્ટે લઈ જજો.

'લીલામૃત', 'જ્ઞાનમૃત', 'પાગલના પગલે' એ બધા

પ્રસાદમાં પથરાયેલા મિકુલભાઈ. એક પણ DVD મિકુલભાઈ વગરની નથી. આપણે તેમને સાંભળીશું.

શ્રીમિકુલભાઈ કહે છે હું ૯ વર્ષથી આવું છું. પણ લાગે છે. આજકાલથી જ આવું છું. શરૂઆતમાં કામના હેતુથી જોડાયો. તે પછી પ્રેમ, લાગણી ને ગુરુશ્રદ્ધાથી જોડાયા. મિકુલભાઈ પોતાનાં પુત્રને ભયંકર સંકટમાંથી પૂ.શ્રી'મા'એ કેવી અદ્‌ભુત રીતે ઉગારી નવજીવન આપ્યું તેની વાત પણ કરે છે. અને લીલામૃતની DVD તૈયાર કરનાર ટીમના કાર્યની વિગતે વાત કરે છે. પૂ.શ્રી'મા' કહે છે પડદા પાછળ જેમ પ્રભુ તેમ DVD પાછળ આવા ભક્ત. અમે સાંભળ્યું છે કે રૂચિતભાઈ એક નાટક લઈને આવી રહ્યા છે. પણ હે ભાઈ ! અમારે ત્યાં રંગઉપવન તો નથી પણ મંચ પણ નથી. એટલે વિચારજો. કરવાનું તો છે. નાનકડી કલાકાર દિવ્યશ્રીનું નૃત્ય પણ થવાનું છે. પણ સમય ક્યારે તે પ્રભુ જાણે. રાજુકાકાએ કહ્યું છે હે 'મા' ! હવે તમારું રાજ. ૧૪ ઑગસ્ટે રાતે ૧૯૪૭માં અંગ્રેજોએ કહેલું ભારતમાં હવે તમારું રાજ. એટલે આ બધું જ થશે. પકવાનની થાળી પર બેઠા છીએ તો ભૂખ્યા ના ઉઠાય.

શ્રીતરલાબહેન પૂ.શ્રી'મા'ની આજ્ઞાથી પોતાનું વક્તવ્ય આપતાં કહે છે-ગુરુ પૂર્ણ 'મા'. સદ્‌ગુરુ મળવા દોહ્યલા નથી પણ સદ્‌શિષ્ય નથી મળતા. ગુરુની ગુરુતા સ્વીકારીએ છીએ તો આપણી લઘુતા કેમ નથી સ્વીકારતા ? આપણું આંતરિક પરિવર્તન થતું નથી. 'મા' પાસે પ્રેમનું રસાયણ છે.

પૂ.શ્રી'મા' કહે છે : પ્રભુ આજે જ પધાર્યાં છે તો વચ્ચે વચ્ચે પ્રાર્થના કરી લઈએ જેથી પ્રભુ આપણને ભૂલી ના જાય. સ્વરૂપમાં 'પ્રકાશના પંથે'ને કેવું ખુલ્લું બતાવ્યું છે ! એ ગ્રંથદેવતા

કહી રહ્યા છે ઉઘાડજો. કોઈ કોઈ વાર એ 'પ્રકાશના પંથે' તો ઘરે પણ છે. હવે પ્રભુને પ્રાર્થના પદ્માસનમાં બેસીને કરી લઈએ.

'હૈયે હેત ધરી અંગે પ્રેમ ધરી
આજ આંગણે મારે આવો,
મને પ્રેમ પિયાલો પિલાવો.'

સુરત પૂ.શ્રીના પરિચય પછીના સાત/આઠ વર્ષ આવી પ્રાર્થના મન મૂકીને થતી રહી. દરરોજ એક કલાક ગાઈને પ્રાર્થના કરવાનો નિયમ હતો. બીજો એક કલાક જે મનમાં આવે તે ધૂનમાં મસ્ત બનવાનો હતો. આજે આટલા વર્ષે કહી શકીએ કે એકપણ પ્રાર્થના નકામી નથી ગઈ. નાની કે મોટી દરેક પ્રાર્થના પ્રેમથી પ્રત્યુત્તર લાવી છે. લાભ એ હતો કે અમે ઘરમાં એકલાં જ હતાં. એટલે મસ્ત બનીને ગાયા કરવાનું બનતું ગમતું. જે પ્રભુનાં રજિસ્ટરમાં સાધનાના નામે નોંધાઈ ગયું. આ મહાપુરુષની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનાં આ પગથિયાં હતાં. હજી પણ પગથિયે જ બેઠા છીએ હાથ જોડીને. પ્રાર્થના તો કરવી જ પડે. બધું પ્રભુ પર છોડી દઈએ તેની સામે સતત સ્મરણ ચાલવું જોઈએ. આ સાધનાનો પંથ એટલો સરળ નથી. કે આજે ભજન કર્યું ને કાલે ભગવાન મળ્યા. એક વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં કેવા ખોવાઈ જાય ? પરીક્ષા વખતે વિદ્યાર્થી પુસ્તકમાં કેવા ખોવાઈ જાય ? જે જે ખોવાઈ જાય તેને તેને પ્રભુ શોધી લે. એનામાં ખોવાઈ જવું તો એ આપણી હથેળીમાં રમતા થઈ જાય.

૧૯૮૧નું 'શ્રીયોગેશ્વરકથામૃત' આપણે વાંચીશું. (હિરેનભાઈનો પ્રસાદ આ પુસ્તક વાચનના સ્ટેન્ડનું આજે ઉદ્‌ઘાટન.) પૂ.શ્રી'મા' દર કલાકે 'સ્વર્ગારોહણ'માં વાગતા ત્રણ મંત્રગાનનું મહાત્મ્ય સમજાવે છે. પહેલો મંત્ર બોલો ત્યારે પૂ.શ્રી

આંગણે હળવે પગલે આવી રહ્યા છે મનની આંખથી તે દૃશ્ય જોવાનો પ્રયત્ન કરો. બીજા મંત્રે એ આપણા જીવનઘરમાં પધારી ગયા છે. આસન પર બેઠા છે. ત્રીજા મંત્રે આપણે પ્રણામ કરીએ છીએ અને પ્રભુ આશીર્વાદ આપી રહ્યા છે. એટલે ટકોરા પડી જશે. ત્રણમંત્રમાં માનસપૂજા આટલી નાનકડી દર કલાકે કરતાં રહેવું. કથામૃત વંચાય છે.

પૂ.શ્રી કેવા સમર્થ છે તેની સાચી વાત ૧૯૮૫માં અમે કર્પૂરવન હતા. રાત્રે ત્રણ ને પિસ્તાળીસે ઊઠ્યાં. શ્રીશારદાબેનના ઘરે હતા. જેમણે એ નિવાસ જોયો છે તેમને ખયાલ છે કે વચ્ચેના ભાગમાં દાદર છે. અમે દાદર ઊતરીને બીજો જે વિભાગ છે ત્યાં બ્રશ કરતા હતા. ઘરનાં સૌ સૂતા હતા. માત્ર અમે જ બ્રશ કરતા હતા. બ્રશ કરતાં કરતાં પણ પૂ.શ્રીનું જ સ્મરણ ચાલતું હતું. બ્રશ કરતાં કરતાં અમે પાછળ જોયું તો બાર-તેર ફૂટ દૂર પૂ.શ્રી ઊભા છે. પ્રત્યક્ષ. આ માનવદેહે ! અને અમે તે જોતાં જ રહ્યાં. એટલામાં તો પાંચ, સાત પગલાં ભરીને અદૃશ્ય થઈ ગયા. અમારા જીવનમાં પૂ.શ્રીનો ઉઘાડી આંખે માનવદેહે દર્શનનો આ પહેલો પ્રસંગ. પછી વિચાર્યું કે બાર-તેર ફૂટ પર તો ભીંત હતી ! તો પૂ.શ્રી કેવી રીતે અંદર પ્રગટ થયા ? પહેલું એ દર્શન હતું. ૧૯૮૫ની આસપાસ. આજે તો ૨૦૨૪ ચાલે છે. વારંવાર એ સમર્થની હાજરીનો અનુભવ ઉઘાડી આંખે થતો રહ્યો છે. હવે તો એ સમર્થની પાછળ બીજાં પણ અનેક પરમતત્ત્વ પધારી રહ્યાં છે. પૂ.શ્રીનું આ વાક્ય જાણે અનુભવના અમૃત સમું છે.

પૂ.શ્રીની વિદાય પછીનાં એક બે વર્ષો ઘણા બધા પ્રશ્નો આવ્યા. સ્વરૂપ પાસે મનઅંતરથી પ્રેમથી ગરજ જાગી હતી

એટલે પ્રાર્થના થતી રહી. એ પ્રાર્થના એવી થતી કે પ્રભુ આપ સિવાય અમારું કોઈ નથી. આપ આવી પ્રશ્નો ઉકેલો. ટ્રસ્ટના પ્રશ્નો હતા, 'સત્યપથ'ના પ્રશ્નો હતા, તો ખૂબ ભાવથી આંખમાં આંસુ સાથે પ્રાર્થના થતી. ત્યારે ત્યારે પૂ.શ્રીના સ્વરૂપની ફરતે પ્રકાશનાં દર્શન થતાં. પૂ.શ્રીના જ સ્વરૂપનાં આકારમાં પ્રકાશિત જીવંત આકૃતિ થતી. એટલે હાશ થઈ જતી. ખુલ્લી આંખે એ દેખાતું એટલે શાંતિ થઈ જતી.

પૂ.શ્રી'મા' : આપણે હવે દિવ્યશ્રીનું નૃત્ય માણીશું.

(દિવ્ય શ્રીનાનપણથી સિંગાપુરમાં સ્ટેજ પોગ્રામ આપે છે.)

દિવ્યશ્રીએ પૂ.શ્રી'મા'ને ક્ષમાપ્રાર્થના કરી 'ગુરુ એ ઈશ્વરનો અવતાર એને ક્ષુદ્ર મનુજ ના માન'

એ શ્રીયોગેશ્વરજીરચિત પદને પોતાના મધુર કંઠે ગાઈ પૂ.શ્રી'મા'નાં શ્રીચરણે અર્પણ કરે છે.

પૂ.શ્રી'મા' : વારસામાં સંગીત લઈને જન્મેલી આ દેવકન્યાને સૌનાં વંદન.

'પ્રભુજી તારા બહાર બેઠા કરે પ્રતીક્ષા તારી
પૂજા કોની કરે પૂજારી ?...'

આ પણ મહાત્મા શ્રીયોગેશ્વરજીરચિત પદ પર શ્રીમિનલ અને તેની દીકરી દિવ્યશ્રી કલામય નૃત્ય પ્રસ્તુતિ કરી પોતાની શ્રદ્ધાને અભિવ્યક્ત કરે છે.

પૂ.શ્રી'મા' : માતાએ ગળથૂથીમાં જ સંગીત ઘૂંટાવ્યું. માતા અને દેવે દીધેલી દીકરીએ પૂ.શ્રીની આ કૃતિને પૂજાસ્વરૂપે રજૂ કરી. આજે મંદિરના પ્રથમ દિવસે આવો જ કાર્યક્રમ વિવિધતાભર્યો પૂ.શ્રીએ ગોઠવી દીધો. મિનલબહેન પોતે જ

દીકરીની વિશેષતાની વાત કરશે. અમારે તો આલાપભાઈને મોકલવું પડશે કે તમારી મંડળીમાં એક સ્વજન ‘સ્વર્ગારોહણ’ તરફથી.

દેવાંગભાઈ : દિવ્યશ્રીનો ખૂબ સુંદર કંઠ, સ્વર, ભાવ. કલાના ક્ષેત્રે એનો સૂરજ સદા તપતો રહે તેવી શુભેચ્છા. શ્રેષ્ઠ નૃત્યાંગના, ગાયિકા બને તેવી શુભેચ્છા. ભગવાનનાં ભક્તબાળ બને તેવી પ્રાર્થના કરે છે. (શ્રીદેવાંગભાઈ સંગીતના અચ્છા જાણકાર ને કલાપારખુ છે.)

શ્રીમયુરીબહેન પૂ.શ્રી‘મા’ની આજ્ઞાથી મિનલ અને દિવ્યશ્રીની કેટલીક વાતોથી સૌને માહિતગાર કરે છે.

પૂ.શ્રી‘મા’ : આજે મંદિરમાં પ્રભુને ચઢી ચૂકેલાં પુષ્પોથી બન્નેને આપણે વધાવીશું. અને આપણી નાનકડી દેવકન્યાને તો પાદુકાની પુષ્પમાળ જ શોભે. એ બન્ને ખૂબ ખૂબ પ્રગતિ કરે. તન મન ધનથી રક્ષાયેલાં રહે. (રક્ષમામ્‌ની ધૂન ગવાય છે દિવ્યશ્રીને ચશ્મા છે તે જોઈ પૂ.શ્રી‘મા’ તેને કહે છે શીર્ષાસન કરવા માંડ ચશ્મા દૂર થશે.)

આ પ્રભુના દરબારમાં વિવિધ વિશેષતા છે. આપણે પણ બધા આસનસિદ્ધ કરનારા બની ગયા. ચાર કલાક થયા. હવે છેલ્લો વિભાગ રૂચિતભાઈના નાટક સાથે. અમારે તો સ્ટેજ પણ આ, સત્સંગ હૉલ પણ આ જ ને સંગીત પણ આ જ. રંગમંચ પણ આ.

રૂચિતભાઈ સંકોચાતાં પૂ.શ્રી‘મા’ને પોતાનો ભાવ રજૂ કરતાં કહે છે; ‘આ નાટકની પ્રસ્તુતિને આજનો માહોલ બન્ને અલગ છે.’ તો પૂ.શ્રી‘મા’ કહે છે; ‘આ તો વિવિધતાનો મંચ છે. ‘સ્વર્ગારોહણ’માં આવતા સર્વ જન્મસિદ્ધ જ કલાકાર હોય છે.’

'જળ બચાવો, જીવન બચાવો' એ વિષય પર શેરીનાટક સ્વરૂપમાં રથી, સુકૃતિ, અમન, શ્રેયા, નમન, સંહિતા આ છ બાળકો સુંદર નાટ્યપ્રસ્તુતિ કરે છે. દરેક બાળકમાં આત્મવિશ્વાસ છલકતો હતો. સૌમાં પૂ.શ્રી'મા'નાં શ્રીચરણોમાં પોતાની કલા રજૂ કરવાનો ઉમળકો ને આનંદ છે.

પૂ.શ્રી'મા' કહે છે—'સત્યપથ'માં પૂ.શ્રી હતા. શ્રીબાબુભાઈ વ્હોરાને પૂ.શ્રી હસતા હસતા કહી રહ્યા હતા આ રામાયણ લેખન ચાલે છે એમાં કેટલા પ્રસંગો ભજવી શકાય એવા છે ? આપણી એક મંડળી ગામડે ગામડે જાય ને 'રામચરિત માનસ'ના પ્રસંગ વાંચે, ભજવે ને મીઠાં ભોજન પામે. આજે એવું લાગે છે આ જળદેવતાનાં દેવદૂતો ધારે તે કરી શકે. રૂચિતભાઈને એટલે જ પૂ.શ્રીએ જાની પરિવારમાં ઉતાર્યા લાગે છે. ખૂબ સરસ પ્રસ્તુતિ હતી. ખૂબ ધ્યાનથી સાંભળવી પડે. પાણી પાણી તો સમજાઈ જતું હતું જેમ સૉરી સૉરી સંભળાય તેમ. કેટલું બધું મોઢે કર્યું. વિદ્યાનગરથી પણ કલાકારને પકડી લાવ્યા. ખૂબ સરસ. આવી જ્યાં જ્યાં રજૂઆત કરો ત્યાં ત્યાં 'સરળગીતા', 'શિવમહિમ્ન'ને 'અધ્યાત્મ' આપો. એટલે સાહિત્યપ્રસાર પણ થાય. સૌને ખૂબ ખૂબ અભિનંદન. <u>ઉગતા કલાકારો આકાશે ઉડજો પણ ધરતીને ના ભૂલતા.</u>

અમે <u>ઉમાશંકર જોશી</u> પાસે હસ્તાક્ષર લેવા બી.એ.ના છેલ્લા વર્ષમાં સાહિત્ય પરિષદમાં ગયેલા. તો ઉમાશંકરે એમની પ્રસિદ્ધ પંક્તિ અમને લખી આપી હતી :

- 'વ્યક્તિ મટી બનું વિશ્વમાનવી
  માથે ધરું ધૂળ વસુંધરાની'

<u>કાકાસાહેબ</u> કાલેલકર પાસે હસ્તાક્ષર લેવા ગયેલા તો તેમણે

લખી આપેલું –

• 'સ્ત્રી જાતિનું અપાર ઋણ પુરુષવર્ગ ક્યારે ચૂકવશે ?' એક કવિ મનસુખલાલ ઝવેરી પાસે હસ્તાક્ષર લેવા ગયેલાં તેમણે લખી આપેલું

• 'બહેન, એક આદર્શ રચશો ને ?
અને તેને જ જીવનભર વળગી રહેશોને ?'

એક સંતપુરુષ પાસે હસ્તાક્ષર લેવા ગયેલા તો તેમણે લખેલું–

• 'તમે દેવોના દેવ ક્યારે બનશો ?'

અમે ઘણાના હસ્તાક્ષર લીધા. એકવાર એવું થયું કે બાપુજીના હસ્તાક્ષર પણ લીધા. બાપુજીએ આખી ઑટોગ્રાફ બુક જોઈને ખુશ થયા. ને એક વેદમંત્ર લખી આપ્યો ને નીચે લખી આપ્યું કે–

• 'દશે દિશાએથી શુભ વિચાર પ્રાપ્ત થાવ.'

બાપુજીના આશીર્વાદ.

પૂ.શ્રી'મા' ખૂબ લાંબી ચાલેલી આ બેઠક વિશે લખે છે– તમારા સૌનો ખૂબ ખૂબ આભાર. તમે સૌ બેસી શક્યા. મૌન રાખી શક્યા. આ વન વે ટ્રાફિકને તમે સહન કર્યો. આ તો કિનારે બેઠા છે. નૌકા ઊભી રહે તો બધા દોડીને ચઢી જજો. શ્રી'મા' આગળ કહે છે, હવે 'સ્વર્ગારોહણ'નાં જે જે ખૂણે જેટલો જેટલો પ્રસાદ હોય તે લઈ આવો. અમારી ભૂખ ઉઘડી છે જે સામે મળે તેને હડપ કરીશું(હાસ્ય છવાય છે.). દુર્ગુણોને હડપ કરીને દુષ્કૃત્યોને બાળી દઈશું. દશે દિશામાં વહેતા વાંકાચૂંકા પ્રેમને શ્રીચરણે વાળીશું.

'અમે તો ગુરુના ઘરમાં રમીએ,
અમે તો સંસારી ફળિયે ના ફરીએ...'

પૂ.શ્રી'મા' રચિત આ પદ ગવાય છે. 'મા' રમૂજ કરતાં કહે છે, હવે રાજુકાકાની અમૃતવાણીથી ગુરુપૂર્ણિમા પૂર્ણ કરીએ.

શ્રીરાજુભાઈ જાની આભાર માનતાં કહે છે. ગુરુ ભગવંતને 'મા'ની ખૂબ વિશેષ કૃપા આપણા સૌ પર રહો. આજે અનહદ આનંદ...આનંદ...આનંદ છે. પ્રભુજીના નવા સ્વરૂપ માટે શ્રીમંજુલાબહેનનો આભાર માને છે.

પૂ.શ્રી'મા' : હેમલભાઈને એક મંત્રગાનથી વિનંતી કરીએ કે આ સ્વરૂપનો (નવા મંદિરના) ફોટો પંદર ઑગસ્ટે અમને પહોંચાડજો. ભૂખ ઉડાડે, ઊંઘ ઉડાડે, આળસ ઉડાડે, સંસારને સૂપડેથી ઝાપટી નાખે. મંત્રગાન એક જ શસ્ત્ર છે એનાથી જીતી જવાશે.

અંતે ગુરુપાદુકાને સૌ ભક્તો પુષ્પ અર્પણ કરી, પ્રણામ કરી વિવિધ પ્રસાદનાં વ્યંજનો મેળવે છે. સળંગ શિસ્ત સાથે એક લાઈનમાં ભાઈઓ અને બહેનો પૂ.શ્રી'મા'ને પ્રણામ કરે છે. ભક્તમંડળી મધુર મધુર કંઠે ધૂન ગાઈ રહી છે. અન્ય ભક્તો તેને ઝીલી સૂરમાં સૂર પૂરાવી પ્રસન્નતાને મેળવે છે.

આ રીતે મબલખ આત્મિક પ્રસાદની સંપદાથી સંતૃપ્ત થઈ ભક્તો પર્વની પૂર્ણાહુતિને મૌન રહી સન્માનતા છૂટા પડે છે. સૌનાં અંતરનો એક જ પ્રતિસાદ છે 'અઢળક ઢળિયો શામળિયો'. (પૂ.શ્રીમાએ આજે ઘણા કલાકો સંનિધિસુખ ધર્યું.)

**—સંકલન**

## ॥ સંતસંનિધિ ॥

સંતને ન ઉપદેશની આવશ્યકતા હોય છે, ન આદેશની ને ન કોઈ વાદ-વિવાદની જરૂર પડે છે સંતના દર્શનમાત્રથી, એના સ્પર્શ, દૃષ્ટિ કે સંનિધિમાત્રથી મનુષ્ય પવિત્ર થઈ જાય છે.

જે મનુષ્ય એકવાર પણ કોઈ સંતના તેજોમંડળની ભીતર આવી ગયો તે સદાયે માટે ધન્ય થઈ ગયો.

કોઈ સૂર્ય પાસે ઉપદેશ સાંભળવા જતું નથી ને ન સૂર્ય પાસે લાંબા-લાંબા વ્યાખ્યાનોને અવકાશ હોય છે.

સૂર્યદેવ સદા શાંત, સ્તબ્ધ તેમજ મૂક રહે છે. પોતાના પ્રકાશથી કદી ચ્યુત થતા નથી. સંસાર પોતાના વિશે શું વિચારશે તેની લેશમાત્ર પરવા નથી હોતી.

એ જગતની સર્વ ઘટનાઓના કેવળ સાક્ષી બનીને, અનાસક્તભાવે જગતમાં વિચરે છે. અને પૃથ્વીમંડળ પર પોતાની કિરણજાળ ફેલાવીને એના મુખમંડળને વિકસિત તેમજ દેદીપ્યમાન કરી દે છે.

આ જ રીતે સંત પણ જીવોના કલ્યાણ માટે અપ્રત્યક્ષ રૂપે પોતાના પ્રકાશને સર્વત્ર ફેલાવી દે છે. આ જ સંતોનો મહિમા છે. તેથી જ આપણું ભારતવર્ષ સંતને ભગવાનના પ્રતિનિધિ માને છે.

સંતોના જીવનથી આપણને એ જ બોધ મળે છે કે આપણે પણ આપણા જીવનને ઉચ્ચ બનાવી શકીએ છીએ. જે આત્મા આપણી ભીતર છે તે સર્વશક્તિમાન છે.

આપણે આપણી નીચ વૃત્તિઓ પર જય પ્રાપ્ત કરી શકીએ છીએ.

આપણે ઈન્દ્રિયોના ભોગોથી લિપ્ત થઈને ખાવા-પીવા-સૂવામાં અને અંતમાં મરી જવા પેદા નથી થયા. કોઈ વિશેષ કાર્ય માટે આપણે જન્મ્યા છીએ. કલ્પના-એકાગ્રતા-ઈચ્છાશક્તિથી આપણે આપણા ભાગ્યને બદલી શકીએ છીએ.

આપણે કામને પવિત્રતામાં, ક્રોધને શાંતિમાં, લોભને સંતોષમાં, મોહને અનાસક્તિમાં, મદને નમ્રતામાં ને મત્સરને પ્રેમમાં બદલી શકીએ છીએ કેમકે આપણે પરમાત્માના એક અંશ છીએ.

ભગવત્પ્રાપ્તિ-સંતભાવની પ્રાપ્તિ ભગવત્કૃપાથી જ થાય છે. સત્ પદાર્થ કેવળ પરમાત્મા છે. ને એના યથાર્થ તત્ત્વને જે જાણે છે-ઉપલબ્ધ કરી ચૂક્યા છે એ સંત છે.

પરમાત્માની કૃપા તો બધા પર સરખી વરસે છે. પણ બધાને પરમાત્માપ્રાપ્તિ થતી નથી કેમકે પરમાત્માપ્રાપ્તિની તીવ્ર ચાહ અને શ્રદ્ધા નથી હોતાં.

દુનિયાના વિવિધ પ્રકારના ભૌતિક પદાર્થો ઈચ્છા કરવાથી જ નથી મળી જતા ઈચ્છા હોય, પ્રારબ્ધનો સંયોગ હોય ને પ્રયત્ન થાય ત્યારે જ તે મળે છે. જ્યારે ભગવાન માટે તો ઈચ્છામાત્રથી કામ થઈ જાય છે. ઈચ્છા થતાં જે પ્રયત્ન થાય છે તે પરમાત્મા સ્વયં કરાવી લે છે. સાધક તો નિમિત્તમાત્ર બને છે. આપણી કાર્યસિદ્ધિમાં તે જ બધું કરી લે છે.

**—સંકલન**

# ॥ ગિરનારયાત્રા ॥

"પરમ શક્તિનો જય જય કાર હો,
ગુરુકૃપાનો જય જય કાર હો..."

આપણા જીવનની પાઠશાળામાં જીવન જીવવાની સાચી દિશાનું માર્ગદર્શન આપનાર અને પ્રેરણાસ્રોત બનનાર; તેમજ જીવનને પ્રકાશિત કરનાર તે એક જ છે આપણાં પૂજ્ય'શ્રીમા'. હા ! આપણાં પૂજ્ય'શ્રીમા' તેમની દિવ્યતાનાં દર્શન આપણને આપણા જીવનમાં ડગલે ને પગલે કરાવતાં રહે છે. જાણે સદા પડખે ઊભાં છે એવો એહસાસ કરાવતાં રહે છે. એવો જ એક અદ્ભુત અનુભવ પૂજ્યશ્રી'મા પ્રભુજી'એ મને પણ મારા જીવનમાં કરાવ્યો.

જાન્યુઆરી ૨૦૨૦માં તા.૧૩ થી ૧૬ દરમ્યાન મને 'સ્વર્ગારોહણ'માં પૂજ્ય'મા'ની ઉપસ્થિતિમાં રહેવાનો લહાવો મળ્યો હતો. તે દરમ્યાન એકવાર બપોરની સત્સંગ બેઠક પછી પૂજ્ય'મા'ને મેં જણાવ્યું કે તા.૨૪ અને ૨૫ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ મારે ગિરનાર પ્રવાસે જવાનું છે. પૂજ્ય'મા'એ સરળતાથી પૂછ્યું કે, (પૂ.'મા') : પર્વત ચઢવાનો ? ઉત્તર : "જી મા". (પૂ.'મા') : કોની સાથે જવાનું છે ? કેટલા મિત્રો છે ? કેટલા વાગે ચઢવાનું શરુ કરવાનું ? કેટલા વાગે ઉતરવાનું ? ઉત્તર : ૐ 'મા' અમે ૨૦ મિત્રો સાથે જવાના છીએ. સવારે ૩.૦૦ કલાકે ચઢાણ શરુ કરવાના છીએ. વગેરે માહિતી પૂજ્ય'મા'એ જાણી. ત્યારબાદ મેં પૂજ્ય'મા'ને જણાવ્યું કે : ૐ

'મા' પ્રવાસનો આનંદ તો છે, પણ પ્રથમ વખત જ જઈ રહ્યો છું એટલે મને એ જાણ નથી કે ગિરનારમાં કેટલું ચઢવાનું હશે અને વળી ત્યાં તો કોઈ રોપ-વેની વ્યવસ્થા પણ નથી. પૂજ્ય'મા'એ કહ્યું : "મંદાર પ્રભુ સાથે જ જશે, પ્રભુ સાથે જ આવશે !"

ઘરેથી પ્રાર્થના કરી યાત્રા પ્રારંભ થઈ. તા.૨૫ જાન્યુઆરી ૨૦૨૦, શનિવારના રોજ વહેલી પ્રભાતે ૩.૦૦ કલાકે અમે ગિરનાર ચઢવાની શરૂઆત કરી. પર્વત ચઢતાં પહેલાં ઘણા લોકો સહારા માટે લાકડી સાથે રાખતા હોય છે, મારા ગ્રુપમાં પણ ઘણા બધાએ લાકડી સાથે લીધી હતી. પણ જેમ જેમ ઉપર ચઢતા ગયા તેમ તેમ તેઓને લાકડીનો પણ ભાર લાગવા લાગ્યો. ત્યાં વળી છેલ્લે શ્રીદત્ત કુટીર સુધી ચઢવાનો પડાવ અધિક અઘરો હતો, પણ હું લાકડીની મદદ વગર જ ચઢી અને સરળતાથી ઊતરી ગયો. અને તે રાત્રે ૧.૦૦ કલાકે ઘરે પાછો પણ આવી ગયો ! બીજા દિવસે રવિવારે હતો તો સવારે ખૂબ ઉત્સાહથી અને આનંદથી ઊઠીને 'સત્યપથ' સત્સંગમાં જવા માટે તૈયાર પણ થઈ ગયો. શરીરમાં કોઈ જ પ્રકારનો થાક કે કોઈ પણ પ્રકારનો દુઃખાવાનો અનુભવ ન થયો.

પરંતુ 'સત્યપથ'થી આવ્યા પછી મિત્રો સાથે ફોન પર વાત થઈ તો બધાએ કહ્યું કે તેમનામાં તો ઊભા થવાની કે ચાલવાની પણ શક્તિ ન હતી અને પેઈનકીલર દવાની પણ કોઈ અસર ન થતી હતી. જ્યારે મેં બધાને જણાવ્યું કે મે કોઈ જ દવા નથી લીધી અને મને કોઈ જ પ્રકારનો દુઃખાવો પણ નથી થતો, તે સાંભળીને કોઈએ મારી વાત પર વિશ્વાસ ન કર્યો.

અને ત્યારે મને પૂજ્ય'મા'નું એ આશીર્વચન યાદ આવ્યું કે "મંદાર પ્રભુ સાથે જ જશે, પ્રભુ સાથે જ આવશે !" ત્યારે સમજાયું કે આ આખી યાત્રા જાણે પૂજ્ય શ્રીપ્રભુજીએ મને બાથમાં લઈને ખૂબ સરળતાથી પૂર્ણ કરાવી દીધી. પૂજ્ય'મા'એ કહેલું તે એક વાક્ય કેટલી અને કેવી કૃપાનું પ્રતીક બનશે તે તો યાત્રાની સફળતા બાદ આજે સમજાયું.

પ્રસંગના અંતે પ્રેમ અને આભાર વ્યક્ત કરવા પૂજ્ય શ્રી'મા' પ્રભુને ૧૦૮ પ્રણામની પુષ્પમાળા અર્પણ કરતાં કહ્યું કે; "હે 'મા' પ્રભુજી, જેમ ગિરનારની યાત્રા સફળ કરાવી તેમજ મારા જીવનમાં માઉન્ટ એવરેસ્ટ જેવા કપરાં ચઢાણો પણ જો આવે તો તે પણ આવી જ રીતે મને બાથમાં લઈ પાર કરાવજો. સદાય આપની કૃપા અને આશીર્વાદ વરસાવતાં રહેજો."

પૂજ્ય શ્રી'મા'પ્રભુજીનાં શ્રીચરણોમાં કોટી કોટી પ્રણામ.

જય કૃપાળુ 'મા'.

**–શ્રીમંદાર યાજ્ઞિક**

સાંભળ, દોસ્ત !
મારો પ્રેમ પામીને તું મારો દેણદાર નથી બન્યો.
પ્રેમ પોતે જ મારો પરિતોષ છે.

**–શ્રી રવીન્દ્રનાથ ટાગોર**

## ॥ અમર મૃત્યુ ॥

વિશ્વે ચતુર્દિશ ચિતા પ્રજળી રહેલી
વિદ્વેષની વિષમતા વિપરીતતાની
વાર્ધક્ય-વ્યાધિ-વિષ-મૃત્યુ-અશાંતિ કેરી,
તેમાં તમે અમૃતસીંચનકાજ આવ્યાં
જીવ્યાં, તમિસ્રથરમાં નવતેજ લાવ્યાં;
દાઝયાં નહિ, અવરને નવ દાઝવાંયે
દીધાં; ચિતા હૃદયની શમવી બધીયે
અંતે થયાં પરમશાંતિ થકી વિદાય.
રાખી ભલે તન ચિતા પર ત્યાં તમારું,
જ્વાળા કરી પ્રગટ તીવ્રપણે સ્મશાને,
કેમે શકો નવ જલી કદીયે તમે તો,
જ્વાળા શકી નવ જરી તમને જલાવી.
ડૂબી ગયાં પરમજ્યોતિમહીં પ્રસન્ના
અંતે બન્યાં અમર મંગલ મૃત્યુ મારી.

**—શ્રીયોગેશ્વરજી**

**('તર્પણ કાવ્યસંગ્રહ')**

# ॥ સાધક માટે દીવાદાંડી ॥

[શાશ્વત આનંદના અધિકારી આત્માઓ એવાં બાળકો ક્ષણજીવી આનંદ આપતા ભૌતિક પદાર્થોની પ્રાપ્તિમાં પોતાનું જીવન વેડફે નહિ એની કલ્યાણમયી પૂ.શ્રી'મા'ને સતત ચિંતા છે, દરકાર છે અને એટલે જ જ્યાં જ્યાં માર્ગદર્શન કરનાર દીવાદાંડી સમાં કાવ્ય, લેખ, પુસ્તક હાથવગાં થાય એની સહાય લેવા બાળકોને અનુરોધ કરે છે. અહીં કરુણાળુ પૂ.શ્રી'મા'એ સંકેતેલાં ત્રણ કાવ્યો પ્રસ્તુત કરવામાં આવ્યાં છે; જે આપણા 'સ્વ-રૂપ'ને ઓળખાવવા સહાયક બને તેમ છે.]

## ॥ સાવધાન ! ॥

તેજમાં વિહરતો મનુષ્ય
વિચારતો નથી અને
થોડી જ વારમાં છાયા આવી જાય છે.
સમૃદ્ધિમાં જાત વ્યક્તિ
ભૂલી જાય છે,
દારિદ્રય રાહ જ જુએ છે.
યુવાનીના મદમાં રાચતા માનવને
વિસ્મૃતિ થઈ જાય છે,
વૃદ્ધાવસ્થા તેની પ્રતીક્ષા કરી રહી છે.
અજવાળામાં રાચતો મનુષ્ય
ભૂલી જાય છે કે
થોડી જ વારમાં અંધકાર છવાઈ જશે.
સત્તારૂઢ ગર્વિષ્ઠ વ્યક્તિના
ખ્યાલમાં નથી રહેતું કે
થોડા જ સમયમાં
એ બહુ સામાન્ય રાહદારી બની જશે.

**—શ્રીનાથાલાલ જોશી**

**('અમૃતમ્')**

# ॥ આવરણમુક્ત આત્મા ચાહું છું ॥

હે બંધુ !
પાંડિત્ય પાછળ પાગલ બની અથક પરિશ્રમ કર્યો,
પ્રાપ્તિ પણ થઈ;
પરંતુ તૃપ્તિ નથી મળી.
ધન અને વસ્તુઓના સંગ્રહ માટે
હાંફી જાઉં એટલી દોડધૂપ કરી;
પરંતુ સંતૃપ્તિ નથી મળી.
પદપ્રતિષ્ઠા માટે અનહદ મથામણ કરી
સાચી શાંતિ ખોઈ બેઠો.
તારા ખોળામાં રમતા
અબોધ શિશુની આંખોની નિર્દોષ ચમક
હોઠ પરનું મોહક હાસ્ય અને
ચિત્તની નિર્ભાર આનંદાવસ્થા
આ બધું ખોઈ બેઠો છું.
ઉપલબ્ધિઓના વજનથી કમર વળી ગઈ છે.
હવે બધી આસક્તિઓના સ્થાને
ભગવદ્-અનુરક્તિ રહે !
અવ્યક્તમાંથી લીલી ધરતી ઉપર રચાતી
મૌક્તિકમાળા સમી તુષારાવલિઓ અને
પ્રસન્નવદન શિશુના જેવું
નિર્દોષ શૈશવ પુનઃ પ્રાર્થું છું.

**–શ્રીનાથાલાલ જોશી**

**('અમૃતમ્')**

# ॥ અતૂટ શ્રદ્ધા ॥

પ્રભુ !
તારે માટેની અચલ નિષ્ઠા અને
આનુષંગિક પ્રગાઢ પ્રેમ
કદી શિથિલ ન થાઓ !
ભલે વિપત્તિઓનાં વાદળ ઘેરાય,
મેઘ-તાંડવ થાય, ધરતી ધ્રૂજી ઊઠે,
દરિયો માઝા મૂકે અને
આભ તૂટી પડે !
માથે મૃત્યુ તાંડવ કરે !
તોયે તારા અનુગ્રહ ઉપરની આસ્થા અતૂટ રહે !
મૃત્યુના બિંદુ ઉપર પણ અડોલ રહું.
તેં પકડેલી મારી બાંય
કદી છૂટશે જ નહિ !
સંપત્તિ અને વિપત્તિઓમાંથી ઘણે ઊંચે ઊઠી જાઉં,
તારા ગાઢ સાન્નિધ્યમાં લીન રહું,
અલૌકિક આનંદનો ભોક્તા બનું,
તારી સેવાની ગાઢ અનુરક્તિ રહે
આ બધું એકમાત્ર તારી કરુણાથી જ શક્ય છે.

**—શ્રીનાથાલાલ જોશી**

**('અમૃતમ્')**